RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 306* Date: 03.09.2020 Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૨૪ કલાકમાં ૭૮,૩૫૭ નવા કેસ નોંધાયા

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૪૫ કોરોના દર્દીના મોત, ૮.૦૧ લાખ એક્ટિવ કેસ

**૧ સપ્ટેમ્બર સુધીમાં દેશમાં કુલ ૪,૪૩,૩૭,૨૦૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરાયું, કુલ કેસનો આંકડો ૩૭,૬૯,૫૨૪ પર પહોંચ્યો**

*ન્યુ દિલ્હી,તા.૦૨*

કોરોના સંક્રમિત લોકોની સંખ્યામાં મંગળવારે આંશિક ઘટાડો નોંધાયા બાદ બુધવારે જાહેર થયેલા આંકડામાં ફરી મોટો ઉછાળો નોંધાયો છે અને પોઝિટિવ કેસોનો આંક ૭૮ હજારને પાર થઈ ગયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓ મુજબ, ૭૮,૩૫૭ નવા પોઝિટિવ કેસો નોંધાયા છે. આ ઉપરાંત કોરોના વાયરસના કારણે ૧૦૪૫ દર્દીઓએ પોતાના જીવ ગુમાવ્યા છે. દેશમાં હવે કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૭,૬૯,૫૨૪ થઈ ગઈ છે. આ ઉપરાંત, દેશમાં કોવિડ-૧૯ની મહામારી સામે લડીને ૨૯ લાખ ૧ હજાર ૯૦૯ લોકો સાજા પણ થઈ ચૂક્યા છે. હાલ ૮,૦૧,૨૮૨ એક્ટિવ કેસો છે. દેશમાં અત્યાર સુધીમાં કુલ ૬૬,૩૩૩ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. નોંધનીય છે કે, ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ બુધવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૧ સપ્ટેમ્બર સુધીમાં ભારતમાં કુલ ૪,૪૩,૩૭,૨૦૧ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગઈ કાલે નવા કેસમાં સામાન્ય ઘટાડો નોંધાયો હતો પરંતુ આજે ફરીથી નવા દર્દીઓ વધી ગયા છે. આ સાથે જ કોરોનાના કુલ કેસનો આંકડો ૩૭,૬૯,૫૨૪ પર પહોંચ્યો છે. જેમાંથી ૮,૦૧,૨૮૨ દર્દીઓ હજુ સારવાર હેઠળ છે અને ૨૯,૦૧૯,૦૯ લોકો કોરોનાને માત આપીને સાજા થઈ ગયા છે. એક જ દિવસમાં ૧૦૪૫ લોકોના મોત થયા છે.

આ સાથે કોરોનાથી કુલ મૃત્યુઆંક ૬૬,૩૩૩ થયો છે.



ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના જણાવ્યાં મુજબ દેશમાં ૧ સપ્ટેમ્બર સુધીમાં ૪,૪૩,૩૭,૨૦૧ નમૂનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. જેમાંથી ૧૦,૧૨,૩૬૭ નમૂનાનું ગઈ કાલે પરીક્ષણ કરાયું. ભારતમાં કોરોનાનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. આ બધા વચ્ચે બધાની નજર કોરોના વેક્સિન પર છે. કારણ કે એવું માનવું છે કે વેક્સિન આવતા જ લોકોની જિંદગી પાછી પાટા પર દોડશે. પરંતુ એક નવા સ્ટડીમાં વિશેષજ્ઞોએ આ વાયરસને વારંવાર રંગરૂપ બદલતો જોયો છે. જે ખુબ ચિંતાનો વિષય છે. જો વાયરસ વારંવાર રંગરૂપ બદલતો રહે તો પછી વેક્સિનની અસરમાં પણ ફરક પડશે અને શક્ય છે કે વેક્સિન પણ આ વાયરસના સંક્રમણને રોકી ન શકે. જર્નલ ઓફ લેબોરેટરી ફિઝિશિનનો આ રિપોર્ટ ૧૩૨૫ જીનોમ, ૧૬૦૪ સ્પાઈક પ્રોટીન અને ૨૭૯ આંશિક સ્પાઈક પ્રોટીનના વિશ્લેષણ પર આધારિત હતો. આ તપાસ નમૂનાને ૧ મે સુધી અમેરિકાના નેશનલ સેન્ટર ફોર બાયોટેક્નોલોજી ઈન્ફોર્મેશનમાં રાખવામાં આવ્યાં અને ત્યાં તેના પર રિસર્ચ કરાયું. તજજ્ઞોએ કહ્યું કે અમેરિકાથી એસએઆરએસ-સીઓવી-૨ના જીનોમથી કાઢવામાં આવેલા પ્રોટીનમાં મોટાભાગે આનુવંશિક પરિવર્તન જોવા મળ્યું. સિંહે કહ્યું કે વાયરસ અલગ અલગ વાતાવરણના સંપર્કમાં આવવાથી પોતાની આનુવંશિક સંરચનાને બદલવા માટે જાણીતો છે.

પરંતુ આ મામલે, પરિવર્તન ખુબ ઝડપથી થઈ રહ્યું છે. અમને ખબર નથી કે તે બીમારી ફેલાતા કેવી રીતે અસર કરશે. આ અભ્યાસમાં અનેક રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટે ભાગ લીધો હતો. જેમાં ચેપી રોગો અને વૈશ્વિક આરોગ્ય કાર્યક્રમમાં પ્રતિરક્ષા, મેકગિલ યુનિવર્સિટી સ્વાસ્થ્ય કેન્દ્રના અનુસંધાન સંસ્થાન અને મેકગિલ ઈન્ટરનેશનલ ટીબી સેન્ટર, કેનેડાના તજજ્ઞો સામેલ હતાં. અભ્યાસમાં કહેવાયું છે કે સ્પાઈક પ્રોટીન વેક્સિનના વિકાસનો પ્રમુખ લક્ષ્ય હતો પરંતુ વૈશ્વિક સ્તર પર ઉપલબ્ધ તમામ જીનોમમાં એન્ટીજેનિક એપિટોપમાં અનેક પરિવર્તન જોવા મળ્યાં.

અભ્યાસમાં કહેવાયું છે કે નાના સમયગાળાની અંદર કોવિડ-૧૯ વાયરસના સ્વભાવમાં પરિવર્તન થઈ શકે છે. જો કે તે જણાવે છે કે તેના માટે રસી વિક્સિત કરવી એક પડકારભર્યું છે. તમારા બોડીમાં એન્ટીબોડી તૈયાર જ ન થાય તેની પાછળનું એક મોટું કારણ મ્યુટેશન હોઈ શકે છે. જે દર્શાવે છે કે મ્યુટેન્ટથી સંક્રમિત રોગીઓમાં ખુબ ઓછી કે શૂન્ય એન્ટીબોડી હશે.

## સંસદના ચોમાસુ સત્રમાં નહીં હોય ‘પ્રશ્નકાળ‘, વિપક્ષે વ્યક્ત કરી ચિંતા

*ન્યુ દિલ્હી,તા.૦૨*

કોરોનાના સંકટને પગલે સંસદીય કાર્યવાહીમાં મોટા ફેરફાર થઇ રહ્યા હતા. ૧૪ સપ્ટેંબરથી શરૂ થઇ રહેલા સંસદના ચોમાસું સત્રમાં પ્રશ્ન કાળ નહીં હોય એવી સત્તાવાર જાહેરાત કરાઇ હતી. આ ચોમાસું સત્ર પહેલી ઑક્ટોબર સુધી ચાલશે. આઝાદી પછી સંસદના ઇતિહાસમાં પહેલીવાર પ્રશ્ન કાળ નહીં હોય. પહેલે દિવસે સવારે નવ વાગ્યે લોકસભા કાર્યવાહી શરૂ કરશે અને એક વાગ્યે બેઠક પૂરી થશે. ત્યારબાદના દિવસોએ લોકસભાની બેઠક બપોરે ત્રણથી સાંજે સાત વાગ્યા સુધી ચાલશે. લોકસભા સચિવાલયે આ પ્રકારના સમયપત્રકની જાહેરાત કરી હતી. આ ચોમાસું સત્રમાં પ્રાઇવેટ મેમ્બર બિઝનેસ નહીં હોય. એજ રીતે રાજ્યસભા પણ પહેલે દિવસે એટલે કે ૧૪મી સપ્ટેંબરે બપોરે ત્રણથી સાંજે સાત વાગ્યા સુધી ચાલશે.

શનિવાર રવિવારની રજા નહીં રહે. આ બંને દિવસોએ પણ સંસદની બેઠક રાબેતા મુજબ ચાલુ રહેશે. ૧૪ સપ્ટેંબરથી પહેલી ઑક્ટોબર સુધીમાં કુલ ૧૮ બેઠકો યોજાશે. સંસદમાં પ્રશ્ન સમય નહીં હોય પરંતુ શૂન્ય કાળ હશે. લોકસભા સચિવાલયે વધુમાં જણાવ્યા મુજબ જે સાંસદોને બેઠકમાં સામેલ થવાની પરવાનગી હશે તેમનેજ બોલાવવામાં આવશે. કયા દિવસે કોણે હાજરી આપવાની છે એની જાણ મેમ્બર પોર્ટપ પર આપવામાં આવશે. એ સિવાય કોઇ સાંસદ ગૃહને નોટિસ આપવા માગતા હોય તો તેમણે ૯મી સપ્ટેંબર પહેલાં સચિવાલયને જાણ કરવાની રહેશે એમ આ જાહેરાતમાં જણાવાયું હતું. લોકસભા સચિવાલયની આ જાહેરાતનો તૃણમૂલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ બ્રાયને વિરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે સામાન્ય રીતે સાંસદોએ પંદર દિવસ પહેલાં પોતાનો સવાલ સબમિટ કરવાનો હોય છે. સત્રની શરૂઆત ૧૪ સપ્ટેંબરે થઇ રહી છે. કોરોનાને આગળ કરીને પ્રશ્ન કાળ શા માટે રદ કરાઇ રહ્યો છે. ૧૯૫૦ પછી પહેલીવાર સાંસદો સરકારની કામગીરી અંગે સવાલ પૂછવાનો અધિકાર ગુમાવી રહ્યા હતા. લોકશાહીમાં આવું શી રીતે ચાલી શકે. પ્રશ્નકાળ ન રાખવા અંગે વિપક્ષના સાંસદ નારાજ, શશિ થરુરે કહ્યું- લોકતંત્ર અને વિરોધના અવાજને દબાવવા માટે સરકાર મહામારીનું બહાનું બનાવી રહી છે

૧૪ સપ્ટેમ્બરથી શરૂ થનારા સંસદના ચોમાસા સત્રમાં કોરોનાના કારણે પ્રશ્નકાળ નહીં થાય. રાજ્યસભા સચિવાયલે બુધવારે જ આ નોટિફિકેશન જાહેર કર્યું હતું. સરકારના આ નિર્ણયનો વિપક્ષના સાંસદ વિરોધ કરી રહ્યા છે. કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે ટ્વિટ કરીને કહ્યું છે કે, મે ચાર મહિના પહેલા જ કહ્યું હતું કે લોકતંત્ર અને વિરોધના સુર દબાવવા માટે મહામારીનું બહાનું બનાવાશે.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા:૧૩૦૫**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૯૯૦૫૦**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૧૨**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૧૧૪૧**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૦૧૫૪**

### જ્યાં સંક્રમણ વધુ છે ત્યાં લોકડાઉન કરશે મદદ: WHO


## વેક્સીન વિના પણ કોરોના પર કાબૂ મેળવી શકાય છે:WHO

*જીનીવા,તા.૦૨*

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનનું કહેવું છે કે યૂરોપ અને દુનિયાના અન્ય દેશ વેક્સીન વિના પણ કોરોના પર કાબૂ મેળવી શકે છે. સ્થાનિક રીતે લોકડાઉન કરીને તેને કાબૂમાં લઈ શકાશે. હુંના યૂરોપના નિર્દેશકે કહ્યું કે તેમને લાગતું નથી કે રાષ્ટ્રિય સ્તરે લોકડાઉન સફળ રહે છે. પણ સંક્રમણ ફેલાવવાનો ખતરો વધારે રહે છે ત્યાં તેની જરૂર વધારે હોય છે.

હું ના યૂરોપના પ્રાદેશિક નિર્દેશક હૈન્સ ક્લૂગે કહ્યું કે જ્યારે મહામારી પર વિજય પામીશું ત્યારે જરૂરી નથી કે તે વેક્સીનથી જ શક્ય છે. એવું ત્યારે થશે જ્યારે આપણે મહામારીની સાથે રહેવાનું શીખીશું અને આપણે એવું કરી પણ શકીએ છીએ.આ સિવાય તેઓએ કહ્યું કે શું આવનારા મહીનામાં સંક્રમણની સેકંડ વેવથી બચવા માટે ફરીથી મોટા પાયે લોકડાઉન લગાવવું પડી શકે છે.

તેઓએ કહ્યું કે મને આશા છે કે તેની જરૂર નહીં પડે પણ સ્થાનિક સ્તરે લાગનારા લોકડાઉનની શક્યતાની સંભાવનાને હટાવી શકાશે નહીં. ઈટાલીના વૈજ્ઞાનિકોએ કહ્યું કે કોરોના સંક્રમિત દર્દીને વાયરસને દૂર કરવામાં એકથી એક મહિનો લાગે છે. આ માટે પોઝિટિવ આવ્યા બાદ એક મહિના બાદ જ ફરીથી ટેસ્ટ કરાવવો જોઈએ. તેઓએ કહ્યું કે પાંચ નેગેટિવ ટેસ્ટ રિઝલ્ટમાં એક ખોટું થાય છે. ઈટાલીના મોડેના એન્ડ રેજિયો



એમિલિયા યૂનિવર્સિટીના ડો. ફ્રાંસિસ્કો વેંતુરેલી અને તેમના સાથીઓએ ૧૧૬૨ દર્દીઓ પર સર્વે કર્યો છે. તેમાં કોરોના દર્દીઓના ફરી વાર ટેસ્ટિંગ ૧૫ દિવસ બાદ,

ત્રીજી વાર ૧૪ દિવસ બાદ અને ચોથી વખત ૯ દિવસની કરાઈ છે. તેમાં ખ્યાલ આવ્યો છે કે પહેલાં જેનો રિપોર્ટ નેગેટિવ આવ્યો તે ફરીથી પોઝિટિવ આવ્યા છે. ઉલ્લેખનીય છે પાંચ લોકોના નેગેટિવ ટેસ્ટમાં એકનું રિઝલ્ટ ખોટું હતું. રિપોર્ટમાં ખ્યાલ આવ્યો કે ૫૦ વર્ષ સુધીના લોકોના ૩૫ દિવસ અને ૮૦ વર્ષથી વધુ ઉંમરના લોકોને સાજા કરવામાં ૩૮ દિવસ લાગ્યા હતા. નેપાલના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે રાજધાની કાઠમાંડૂ સહિત ૧૨ જિલ્લામાં કમ્યુનિટી ટ્રાન્સમિશન શરૂ થયું છે. આ ૧૨ જિલ્લામાં ૭૩ ટકા એક્ટિવ કેસ છે. આ જિલ્લા મોરાંગ, સુનસરી, ધનુસા, મહોતરી, પરસા, બારા, રોતહત, સરલહી, કાઠમાંડૂ, લલિતપુર, ચિતવ અને રૂપનદેહી છે. આ દરેક હોટસ્પોટ બની ચૂક્યા છે. નેપાલમાં અત્યારસુધીમાં ૪૦ હજાર ૫૨૯ લોકો સંક્રમિત થયા છે અને ૨૩૯ લોકોના મોત થયા છે.

## સેનાને ૩૦૦ કરોડ સુધીના હથિયારો ખરીદવાની છૂટ અપાઈ, ૩૯ હજાર કરોડના સાધનો આવશે

*ન્યુ દિલ્હી,તા.૦૨*

ભારત અને ચીન વચ્ચે ચાલી રહેલો તણાવ ઓછો થતાં થતાં ફરી વધી ગયો છે. બંને દેશોની સેનાઓ પહેલીવાર ૫ મેના રોજ આમને સામને આવી ગઈ હતી. ત્યારપછી ૧૫-૧૬ની રાતે ફરી હિંસક ઝપાઝપી થઈ હતી. ત્યારપછી વાતચીત શરૂ કરવામાં આવી હતી અને તણાવમાં થોડી શાંતિ જોવા મળી હતી. પરંતુ હવે ફરી બંને સેનાઓ આમને-સામને આવી ગઈ છે. લદ્દાખમાં ગલવાન ઘાટીમા થયેલી ઝપાઝપી પછી ભારતે ઘણી મહત્વની ડિફેન્સ ડીલને મંજૂરી આપી છે. ચીન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે ફ્રાન્સથી ૫ રાફેલ પણ ભારત આવ્યા છે. સૌથી મહત્વનો નિર્ણય જે સરકારે તણાવની વચ્ચે કર્યો છે તે છે સેનાને



હથિયાર ખરીદીમાં છૂટ આપવાનો. ૧૫ જુલાઈએ ડિફેન્સ મિનિસ્ટ્રીની ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલ એટલે કે ડીએસીએ ત્રણ સેનાને ૩૦૦ કરોડ રૂપિયા સુધીના હથિયાર ખરીદવાની છૂટ આપી છે.

એટલે કે જો હવે સેના ઈચ્છે તો ૩૦૦ કરોડ સુધીના હથિયાર અથવા સાધનો સરકારની મંજૂરી વગર પોતાના સ્તરે જ ખરીદી શકે છે. જોકે તેના માટે સમય મર્યાદા નક્કી કરવામાં આવી છે. જે અંતર્ગત ત્રણેય સેનાઓએ ૬ મહિનાની અંદર જ ઓર્ડર આપવાનો રહેશે. તેની ડિલીવરી પણ ૧ વર્ષની અંદર થઈ જવી જોઈએ. સેનાની જરૂરિયાતને સમજીને ડીએસીએ ૨ જુલાઈએ ૩૮,૯૦૦ કરોડ રૂપિયાની મંજૂરી આપી છે. તેમાં ૩૩ લડાકુ વિમાન, મિસાઈલ સિસ્ટમ અને ડિફેન્સના સાધનોની ખરીદી કરવામાં આવશે. વાયુસેના માટે રશિયાથી ૨૧ મિગ-૨૯ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડથી ૧૨ સુખોઈ વિમાન ખરીદવાની પણ મંજૂરી મળી ગઈ છે. તે માટે ૧૮,૧૪૮ કરોડ ખર્ચ કરવામાં આવશે. તે સાથે જ ૫૯ મિગ-૨૯ને પણ અપગ્રેડ કરવામાં આવશે.રશિયા પાસેથી ૨૧ નવા મિગ-૩૯ ખરીદવામાં આવશે, તે સાથે જ ૫૯ મિગ-૨૯ને અપગ્રેડ કરાશે. ૧ હજાર કિમી સુધી ટાર્ગેટ કરી શકે તેવી મિસાઈલ બનાવાશે. ડીએસીએ લાંબા અંતર સુધી મારી શકે તેવી લેન્ડ એટેક ક્રૂઝ મિસાઈલના નિર્માણને પણ મંજૂરી આપી દીધી છે.

## દેશ મોદી મેડ ડિઝાસ્ટાર્સના કારણે તડપી રહ્યો છે : રાહુલ ગાંધી

*ન્યુ દિલ્હી,તા.૦૨*

જીડીપીમાં ઐતિહાસિક ઘટાડો નોંધાયો છે અને લદ્દાખમાં ચીનની સાથે સતત બની રહેલા તણાવની વચ્ચે રાહુલ ગાંધીએ એક વાર ફરિ કેન્દ્રની મોદી સરકાર પર નિશાનો સાધ્યો છે. બુધવારે એક ટ્વીટ કરી રાહુલ ગાંધીએ છ મુદ્દા પર મોદી સરકારને ઘેરી હતી. જાણો એમણે કયા ૬ મુદ્દા પર સરકારને ઘેરી છે. રાહુલ ગાંધીએ ટ્વીટ કરી કહ્યુ કે દેશ મોદી મેડ ડિઝાસ્ટાર્સના કારણે તડપી રહ્યો છે. તેમણે પોતાના ટ્વીટમાં લખ્યુ કે ભારત મોદી મેડ ડિઝાસ્ટર્સને કારણે હેરાન થઈ રહ્યોછે. જીડીપીમાં ઐતિહાસિક ઘટાડો - ૨૩.૯%, ૪૫ વર્ષમાં સૌથી વધારે બેરોજગારી, ૧૨ કરોડ નોકરિઓ ખતમ,

કેન્દ્ર રાજયોને જીએસટી રિટર્ન નથી આપી રહ્યું, દુનિયામાં સૌથી વધારે નવા કોરોનાના કેસ અને મોત ભારતમાં થઈ રહ્યા છે. આપણી સરહદ પર વિદેશી ઘૂસણખોરી થઈ રહી છે. ઉલ્લેખનીય છે કે કેન્દ્ર સરકારે સોમવારે જીડીપીનો ડેટા રિલીજ કર્યો હતો. ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ની એપ્રિલ-જૂનમાં ૨૩.૯ ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો. ૪૦ વર્ષો બાદ જીડીપીમાં એવો ઘટાડો નોંધાયો હતો. જો રે આંકડા પર મુખ્ય આર્થિક સલાહકાર કે. સુબ્રમણ્યમે કહ્યું કે જીડીપીમાં પહેલા ભાગમાં ઘટાડાની આશાને અનુરુપ છે. તેમણે કહ્યું કે એપ્રિલથી જૂન વાળા સમયમાં પુરા દેશમાં લોકડાઉન રહ્યુ હતુ અને તે દરમિયાન મોટી આર્થિક ગતિવિધીઓ બંધ હતી. આ માટે જીડીપીમાં ઘટાડો આશા અનુરુપ હતી. કોરોનાને કારણે લોકડાઉનના કારણે અંદાજો છે કે કરોડો નોકરીઓને નુકસાન થયું છે. બહુ બધા લોકોનો રોજગાર છીનવાઈ ગયો છે.

## તંત્રી સ્થાનેથી...

# દેશના સળગતી સરહદો કે પ્રશ્નોને મહત્વ નહી પરંતુ સુશાતસિહના મૃત્યુને પ્રાધાન્ય કેમ.....?

દેશમાં કોરોના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. દેશભરમાં કોરોના કેસોની સંખ્યા ૩૭ લાખ ૮૪ હજારને પાર થઈ જવા પામી છે અને મૃતાક ૬૨ હજારને પાર થઈ ગયો છે. જોકે સ્વસ્થ થવાનો આક ૨૯ લાખ પહોંચી ગયો છે. દેશમાં કોરોનાગ્રસ્તોના વધુ કેસો મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર અને ઉત્તાર પ્રદેશમાં નોંધાયા છે. ગુજરાતમાં કોરોના કેસોની સંખ્યા ૯૮ હજારને પાર થઈ ગઈ છે. અને કુલ મૃત્યુ ૩ હજારને પાર થઈ ગયો છે. જ્યારે ગુજરાતના આર્થિક પાટનગર કહેવાતા અમદાવાદ શહેરમાં કોરોના કેસોની સંખ્યા ૩૦ હજારથી આગળ વધી છે અને ૧૬૮૨ ના મૃત્યુ થયા છે. ત્યારે ગુજરાતના લોકો ર્ક્ષ્ઠાર્ઙ્મેહ માં તબક્કાવાર છૂટછાટ આપવામાં આવતા અનેક બેફીકરા કે અણસમજૂ લોકો કોરોના બાબતેના નિયમોનું પાલન કરવાથી દૂર રહ્યા છે... માસ્ક, હાથ ધોવા,ડિસ્ટન્સ સહિતની આરોગ્યતંત્રના જરૂરી નિર્દેશોનું પાલન નહી કરતા કેસોની સંખ્યા વધતી ચાલી છે. તાજેતરમાં સરકારે અનલોક ૪ જાહેર કરતાં નચિંત અસમજૂ લોકોની સંખ્યામાં વધારો થઈ ગયો છે. એકલ દોકલ વ્યક્તિ બહાર નીકળે ત્યારે ખુલ્લી જગ્યા કે રસ્તાઓ પર માસ્ક ધારણ ન કરે તો ચાલે.... પરંતુ ટોળામાં હોય કે વધુ સંખ્યામાં લોકો બહાર નીકળ્યા હોય તેમાં ડીસ્ટન્સ ન જળવાતુ હોય,માસ્ક ન હોય પછી પરિણામ શું આવે.....? તાજેતરમાં ગણપતિ વિસર્જનમાં અમદાવાદના અનેક વિસ્તારોમાં ટેમ્પાઓ, રીક્ષાઓ કે છોટા હાથી જેવા કહેવાતા વાહનોમાં દ્બૈજંટ્ઠહષ્ઠી કે માસ્ક બાંધવાનું પાલન થયું ન હતું.... ત્યારે જાગૃત લોકોમાં સવાલી ચર્ચા હતી કે ધર્મમાં આવા આંધળા લોકો છે....? જીવતા હશે તો ધર્મ થશે તે વાત આવા અણ સમજુઓ ક્યારે સમજશે...? આરોગ્ય તંત્રના નિર્દેશોનું પાલન જ કરવામા ન આવે ત્યારે પરિણામો ગંભીર આવે.... જો કે અનલોક ૪ જાહેર થતાં આરોગ્ય તંત્ર, પોલીસ વગેરેમા થોડી સુસ્તી આવી ગઈ લાગે છે.....! તેથી અનેક લોકો કોરોના બાબતેના નિયમો પાળવાથી દૂર થવા લાગ્યા છે.... ત્યારે સરકારી તંત્રએ પુનઃ નિયમોનું પાલન કરાવવા ત્રીજું નેત્ર કરવું પડશે અને નિયમ ભંગ બદલ.. મધ્યપ્રદેશ સરકારની જેમ ત્રણ દિવસ સુધી કોવિડ હોસ્પિટલોમાં સેવા કરવા મૂકી દેવાના કે પોલીસ સ્ટેશન-ચોકીમા કે પછી રોડ-રસ્તા સાફ સફાઈ માં મૂકી દેવા જેવા પગલાં લેવા જોઈએ..... અને ત્યારે અણ સમજુ લોકો સીધા થઈ શકે......!

દેશમાં છેલ્લા ૮૦ દિવસથી રાષ્ટ્રીય પ્રશ્ન તરીકે સુશાંતસિંહના મૃત્યુએ સ્થાન લઈ લીધું છે.. દેશમાં મોટા ભાગનુ મીડિયા રાષ્ટ્રીય પ્રશ્ન સુશાન્તસિંહનું મૃત્યુ હોય તેમ વિવિધ બાબતો સતત ચગાવી રહ્યા છે... જો કે પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવદાના મૃત્યુ ને મહત્વ આપ્યું પણ નહિવત પ્રમાણમાં... ના તો તેઓની દેશમાંની વિવિધ બાબતો કે તેમને લીધેલા કે તેમના સમયમાં લેવાયેલા નિર્ણયો સહિતની કોઈ સ્ટોરી નહીં કે પછી ડિબેટ પણ નહીં. બીજી તરફ દેશ ભરમાં વિવિધ ઘટનાઓ માં આશરે ૭ હજાર જેટલી હત્યાઓ થઈ છે અને ૧૮૦૦ થી વધુ બળાત્કારની ઘટનાઓ ઘટી તેની નોંધ સુદ્ધા મોટાભાગના મીડિયાએ નથી લીધી.....!ત્યારે લોકોમાં સવાલી ચર્ચાઓ ઉઠવા પામી છે કે શું જેઓની હત્યા થઈ કે બળાત્કાર પીડિતો ભારતીય નહોતા....? છેલ્લા ૩ મહિનાથી ચીને ભારતની સરહદમાં ઘૂસણખોરી કરી છે...લડાખમાં ભારતીય સરહદમાં કબજો કર્યો છે, આપણા ૨૦ જવાનોને શહીદ કરી નાખ્ય, પેગોગમાં પુનઃ અથડામણ થઈ, પાકિસ્તાન દ્વારા આતંકી હુમલાઓ જે દેશની મોટામાં મોટી ચિંતા છે.... પરંતુ મોટા ભાગના મીડિયાને ભારતની આ ઘટનાઓ કે બનાવની ચિંતા નથી કે શું.....? આવું મીડિયા કોઈને ત્યાં ગીરવી છે કે પછી બીજું કાંઈ.....? દેશમાં દરરોજ ૭૦ હજારથી વધુ લોકો કોરોના સંક્રમિત થઈ રહ્યા છે, દેશની અર્થવ્યવસ્થા ખળભળી ગઈ છે, વિશ્વભરમાં ભારતનો જીડીપી દર માનસ સ્તરે પહોંચી ગયો છે, ૧૦ કરોડથી વધુ લોકો બેરોજગાર થઈ ગયા છે,મોટા ભાગના ધંધા- રોજગાર ચોપટ થઈ ગયા છે, રાજયોને જીએસટીનું રિફંડ આપવા કેન્દ્ર અશક્તિ બતાવી રહ્યું છે....! ૮૦ ટકા મીડીયાને દેશના આવા ગંભીર પ્રશ્નોની ચિંતા નથી......કે દેશની અને કોમન મેનની આર્થિક હાલત દિન-પ્રતિદીન પડતી જઈ રહી છે-ખાડે જઈ રહી છે.....! અને માત્ર આંગળીના વેઢે ગણાતા ઉદ્યોગપતિઓ માલામાલ થતાં જઈ રહ્યા છે. આવી તો દેશના પ્રશ્નો કે અનેક બાબતોથી ન્યૂઝ મીડિયા આંખ આડા કાન કરી રહ્યું છે કે દૂર રહ્યું છે....તેનું કારણ શું......? (ક્રમશઃ) વંદે માતરમ

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા.૦૩-૯-૨૦૨૦, ગુરૂવાર, ભાદરવા વદ-એકમ
સૂર્યોદય-૬-૩૧, સૂર્યાસ્ત-૭-૦૨, જૈન નવકારશી-૭-૪૦,
આજની રાશિ : કુંભ (ગ.સ.), નક્ષત્રઃ પૂર્વાભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

**- શુભ ચોઘડીયા -**
૬-૩૧ થી શુભ-૮-૦૫ સુધી,૧૧-૧૨ થી ચલ-લાભ-અમૃત-૧૫-૫૩ સુધી, ૧૭-૨૭થી શુભ-અમૃત-ચલ-૨૧-૫૩ સુધી,

**- શુભ હોરા-**
૬-૩૧ થી ૭-૩૪ સુધી, ૯-૩૯થી ૧૨-૪૬ સુધી, ૧૩-૪૮થી ૧૪-૫૧ સુધી, ૧૬-૫૬થી ૧૯-૫૮ સુધી

### 'સેવા હી સંગઠન' ઈ-બુકનું પ્રદેશ ભાજપા કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે

# લોકાર્પણ કરતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ

**ગુજરાતમાં 'સેવા હી સંગઠન' અંતર્ગત જિલ્લા અને મંડલની ઇ-બૂકનું પણ લોન્ચિંગ કરવામાં આવશે.**

આજરોજ ભાજપા પ્રદેશ કાર્યાલય 'શ્રી કમલમ', ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલના વરદ હસ્તે તેમજ નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઈ પટેલ, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઇ દલસાણીયા અને વરિષ્ઠ ભાજપા અગ્રણીશ્રી સુરેન્દ્રકાકાની ઉપસ્થિતિમાં લોકડાઉન દરમિયાન ગુજરાત ભાજપાના લાખો કાર્યકર્તાઓ દ્વારા 'સેવા હી સંગઠન'ના ભાવ સાથે કરવામાં આવેલ ઐતિહાસિક સેવાયજ્ઞની માહિતીનું સંકલન કરીને બનાવવામાં આવેલ ઈ-બુક નું લોકાર્પણ કરવામાં આવ્યું.

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ આ પ્રસંગે કોરોનાની ગંભીર પરિસ્થિતિ દરમિયાન લોકડાઉનના સમયમાં રાજ્યના જરૂરીયાતમંદની સેવામાં ખડે પગે રહી શક્ય તમામ મદદ કરનાર ભાજપાના પ્રત્યેક કાર્યકરે માનવતાના ભાવથી કરેલા આ ઐતિહાસિક સેવા કાર્યોને બિરદાવી સૌ કાર્યકર્તાઓને તેમજ ગુજરાત ભાજપાના કાર્યકર્તાઓએ કરેલા આ સેવાયજ્ઞ ને ડિજિટલ સ્મૃતિસ્વરૂપે સંગ્રહ કરવા અને આગામી પેઢી તેમાંથી પ્રેરણા લઈ શકે તે માટે તૈયાર કરાયેલી ઈ-બુક ના નિર્માણ સાથે સંકળાયેલા તમામ કાર્યકર્તાઓ અને આગેવાનશ્રીઓને અભિનંદન પાઠવ્યા હતા.

શ્રી રૂપાણીએ જણાવ્યું હતું કે, ભાજપા માટે સત્તા સેવાનું માધ્યમ છે,ભાજપાના પ્રત્યેક કાર્યકર્તા માટે મને ગર્વ છે. ચાઈનાના વુહાન શહેરમાંથી ઉદ્ભવેલી આ કોરોના બીમારીએ સમગ્ર વિશ્વમાં હાહાકાર મચાવ્યો ત્યારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દીઘર્દ્રષ્ટિ અને દૂરંદેશીતા સાથે સમયસર આયોજનબદ્ધ રીતે જે પગલાં લીધા તેમજ સૌ ગુજરાતવાસીઓના સહિયારા પ્રયાસોના પરિણામસ્વરૂપ આજે ગુજરાતમાં કોરોના ને નાથવા માટે, ડેથ રેટ ઓછો કરવા માટે, પરિણામલક્ષી કાર્ય કરવામાં સફળ થયા છીએ.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, વૈશ્વિક મહામારી કોરોના વાયરસની વિકટ પરિસ્થિતિમાં ગુજરાત ભાજપાનો પ્રત્યેક કાર્યકર જરૂરિયાતમંદની સેવા કરવામાં અગ્રેસર રહ્યો તે વાતનો મને અનહદ આનંદ છે.

ગુજરાત ભાજપાના પ્રત્યેક કાર્યકરે કોરોના મહામારીની આ પરિસ્થિતિમાં ડર્યા વગર, ડગ્યા વગર, સુનિશ્ચિત આયોજન સાથે વધુમાં વધુ જરૂરિયાતમંદની સેવા કરી છે, પ્રવાસી શ્રમિકોની સગવડતા માટે પણ અનેક પ્રયાસો કર્યા છે. શ્રી સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, રાજયના નાના ગામડાથી લઈને મહાનગર સુધી ભાજપના કાર્યકર્તાઓએ જનસેવાના ભાવથી ફુડ પેકેટ, રાશન કીટ, ફેસકવર,સેનિટાઈઝર સહિતની ચીજવસ્તુઓનું ખૂબ જ મોટી માત્રામાં વિતરણ કરી માનવતાની એક અદભુત મિસાલ કાયમ કરી છે. ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલે 'ઇ-બુક'ના નિર્માણ સાથે સંકલિત તમામ કાર્યકર્તાઓ અને આગેવાનશ્રીઓને ભાજપાના કાર્યકર્તાઓ દ્વારા કરવામાં આવેલ વિવિધ સેવાકીય પ્રવૃતિઓને સુંદર રીતે ડિજિટલ સ્વરૂપે સંગ્રહ કરવામાં પોતાનું યોગદાન આપવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયાએ જણાવ્યું હતું કે, ભાજપા માટે સત્તા એ જનસેવા માટેનું સાધન છે, ભાજપાના પ્રત્યે કાર્યકર્તાને હું આ અનોખો સેવાયજ્ઞ કરવા બદલ અભિનંદન પાઠવું છું. શ્રી દલસાણીયા એ જણાવ્યું હતું કે આગામી સમયમાં ગુજરાતમાં 'સેવા હી સંગઠન' અંતર્ગત જિલ્લા અને મંડલની ઇ-બૂકનું પણ લોન્ચિંગ કરવામાં આવશે.

પ્રદેશ ભાજપાના આ ઇ-બુક લોન્ચિંગ કાર્યક્રમનું સંચાલન પ્રદેશ અગ્રણીશ્રી મહેશભાઈ કસવાલાએ કર્યું હતું.

# ૩૫૧ બોટલ ના લક્ષ્યાંક સામે ૪૦૭ યુનિટ બ્લડ ની બોટલો નું જિલ્લાના યુવાનોએ રક્તદાન કર્યું



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

જિલ્લા મથક પાલનપુર શહેરમાં આબુ હાઈવે પર આર.ટી.ઓ સર્કલ પાસે આવેલ વડીલ વિશ્રાંતિ ગૃહ ખાતે બનાસકાંઠા જિલ્લા યુવા ભાજપ દ્વારા ભાજપના ગુજરાત પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર.પાટીલ જિલ્લાના પ્રવાસે હોઈ તેમના સ્વાગત માટે એક અનોખા અંદાજમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પ નું બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલ ના હસ્તે રીબીન કાપી ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમાં જિલ્લાના વિવિધ મંડળોના ૩૫૧ બોટલ ના લક્ષ્યાંક સામે ૪૦૦ થી વધુ યુવાનો રક્તદાન કર્યું હતું. જિલ્લામાં ક્યાંય પણ થેલેસેમિયાથી પીડાતા બાળક હોય કે બ્લડ કેન્સરના રોગી હોય કે પછી કોઈપણ ઈમરજન્સી સમયે જરૂરિયાત મંદ લોકોને સરળતાથી બ્લડ મળી રહે એ માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ આયોજન કરવામાં આવ્યું હતું અને જેમાં રક્તદાતાઓને પ્રમાણપત્ર તેમજ મોમેન્ટો પી સન્માનિત પણ કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે બનાસકાંઠા જિલ્લાના સાંસદ પરબતભાઈ પટેલ, પૂર્વ કેન્દ્રીય મંત્રી હરિભાઈ ચૌધરી, વેરહાઉસિંગ નિગમના ચેરમેન મગનલાલ માળી, પુર્વ જિલ્લા ભાજપ પ્રમુખ રાણાભાઈ દેસાઈ, જિલ્લા ભાજપના મહામંત્રી અમૃતભાઈ દવે, ભારતસિંહ ભટેસરિયા, જિલ્લા યુવા મોરચાના પ્રમુખ હરેશભાઈ ચૌધરી, મહામંત્રી રામસિંહભાઈ રાજપુત, પ્રકાશભાઈ ઠાકોર, ડીસા પાલિકાના પુર્વ પ્રમુખ પ્રવીણભાઈ માળી, પાલનપુર શહેર ભાજપના પ્રમુખ દિનેશભાઈ પટેલ, મહામંત્રી અતુલ જોશી, પ્રશાંત ગોહિલ સહિત યુવા ભાજપના કાર્યકરો, હોદેદારો અને જિલ્લાના તમામ મંડળના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને રક્તદાન કર્યું હતું.

# જુનાગઢ ૧૦૮ માં EMT ઈમરજન્સી મેડિકલ ટેક્નશિયનક દિવ્યાબેન ગોસાઈના શ્રેષ્ઠ કાર્યને બિરદાવ્યું




કેશોદઃ(રાજુભાઈ પંડ્યા)

આરોગ્યલક્ષી સુવિધા સવા છ કરોડ જનતાનો વિશ્વાસ એટલે કે ૧૦૮ કટોકટીની પળોમાં ગમે ત્યાં ગમે તેવા સંજોગોમાં અને સમયસર અત્યારે હાલની પરિસ્થિતિમાં વૈશ્વિક મહામારી એટલે કે કોરોનાવાયરસ covid19 જીવલેણ બીમારીમાં ૧૦૮ નો સ્ટાફ ઘર પરિવાર અને પોતાની ચિંતા કર્યા વગર ફરજ બજાવી રહ્યા છે ૧૦૮ ઈમરજન્સી સર્વિસ ગમે ત્યાં ગમે ત્યારે ગમે તેવા સંજોગોમાં આપની સેવામાં આપણું જુનાગઢ એટલે સંતો મહંતો અને ગરવા ગિરનારના નામથી જગવિખ્યાત એવા જુનાગઢ વિસ્તારમાં ૧૦૮ માં ફરજ બજાવતા દિવ્યાબેન ગોસાઈ ઈર્ ઈમરજન્સી મેડિકલ ટેક્નશિયનક કટોકટીની પળોમાં ઈમરજન્સી સારવાર આપી સચોટ સમય એ લોકોને તાત્કાલિક સારવાર આપી લોકોના આશીર્વાદ સાથે પોતાની ફરજને સેવા સમજી સંતોષકારક અને નિષ્ઠાપૂર્વક કામગીરી કરી જેમાં આપાતીકાલીન રોડ અકસ્માત ભયાનક દુર્ઘટના વિકટ પરિસ્થિતિના ડીલેવરી કેસોમાં શ્રેષ્ઠ સારવાર સહીતની કામગીરી બદલ ગુજરાત સરકારની જીવાદોરી એટલે કે ૧૦૮ અમદાવાદ હેડ ઓફિસ દ્વારા રાજય લેવલે સન્માનપત્ર મોમેન્ટો સાથે સન્માનિત કરવામાં આવેલ જે બદલ જુનાગઢ વાસીઓ તથા અન્ય ૧૦૮ કર્મચારીઓ દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# માણાવદર તાલુકાના ભીંડોરા ગામે હજારો વિધા જમીનમાં પાણી ફરી વળ્યા


માણાવદર તાલુકાના ભીંડોરા ગામે ભાદર નદીના પાણીને કારણે ખેતરો જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાતા ખેડૂતો ના ખેતરોમાં મોટાપાયે ધોવાણ સાથે ખેત પેદાશો નિષ્ફળ જવાની ભીતિ ખેડૂતો સેવી રહ્યા છે અત્યારે ખેડૂતો મુશ્કેલી મા મુકાયા છે

વરસાદી પાણી લાંબો સમય સુધી ખેતરોમાં સતત પાણી ભરાયેલા રહેતા હોવાથી ખેતપેદાશો નિષ્ફળ થતા ખેડૂતો એ વાવેતર કરેલ ખેતપેદાશો નું ખાતર બિયારણ મજુરી સહીતની આર્થિક નુકશાની ખેડૂતો વેઠી રહ્યા છે

મેધરાજાની અવિરત મેધસવારીથી સાથે ઉપરવાસમાં ભારે વરસાદ ને કારણે ભાદર નદીના પાણીને કારણે ખેતરો જળબંબાકાર થયા હતા . ખેડૂતોએ વાવેતર કરેલ હજારો વિધાની મગફળી માં વરસાદી પાણી ભરાયેલા રહેતા મગફળી ના પાકને નુકસાન થવાની શકયતા સેવાઇ રહી છે . ખેડૂતોના ખેતરોમાં થયેલ નૂકશાન વળતર આપવા ભીંડોરા ગામના સરપંચ એ માંગ કરી છે આજે માણાવદર તાલુકા વિકાસ અધિકારી મોરીને લેખિત રજૂઆત કરી છે કે ભીંડોરા ગામને તાત્કાલિક પુર અસરગ્રસ્ત જાહેર કરવામાં આવે તેવી માંગ ભીંડોરા ગામના સરપંચે કરી હતી

અહેવાલ -જીજ્ઞેશ પટેલ માણાવદર

# છામાવાણી મહોત્સવ- છામાવાણીની અનન્ય શૈલી




ડો. મહેન્દ્રકુમાર જૈન 'મનુજ', ઈન્દોર

ક્ષમા અને ક્ષમા માંગવાની વારાણસીની અનોખી પરંપરા છે. અહીં દર વર્ષે પર્યુષણ પર્વ નિમિત્તે ક્ષવાણીનો તહેવાર અનોખી રીતે ઉજવવામાં આવે છે. વારાણસીના ભેલુપુરમાં આખા શહેરનો જૈન સમુદાય એકઠા થાય છે. તે ક્ષમાનો તહેવાર માનવામાં આવે છે. પરંતુ ક્ષમાની ઉજવણી કરવાની શૈલી અનન્ય છે. બધા માણસો ભેગા થાય છે, ક્ષમાની ઉજવણીની તૈયારી કરે છે. તેઓ તેમના કુર્તા ઉતારે છે અને નીચે બેસે છે, તેમના ધ્યેયો પહેલા જોઈ રહ્યા છે, તેઓના હૃદયમાં નક્કી કરે છે કે તેઓ કોને મળવા માંગે છે, અને સંકેત મળતાંની સાથે જ લોકો એક-વિજાણું લઢ જાય છે અને એક બીજાનો સામનો કરે છે. તે સમયે, જો કોઈ બહારનો વ્યક્તિ અચાનક આવે છે અને જુએ છે કે તે ભયાનક છે. કેમ બધા ચુનંદા લોકો એકબીજા સાથે આટલા જોરથી લડતા હોય છે. પરંતુ ટૂંક સમયમાં, માજરા સમજી શકાય તેવું છે. આ કુસ્તીમાં એક બીજાના પગ પર પડવાનો પ્રયાસ થાય છે. જે જીતે છે તે ગુમાવનારના પગને સ્પર્શ કરવાનો હકદાર છે. અહીં મોટા અને નાનામાં કોઈ ભેદ નથી, જે જીતે છે તે જ જીતે છે. માફી માગી. આ બધું આ વિચારને સાર્થક બનાવે છે - 'ક્ષમા વીરસ્ય ભૂષણમ' ક્ષમા વીરનું આભૂષણ છે. માફ કર્યા પછી, દરેક જૂથની મહેફિલમાં સામેલ થાય છે. આ રીતે, પાછલા વર્ષમાં, તેઓ એકબીજા સામે થયેલી ભૂલો બદલ માફી માંગે છે. પછીના વર્ષે, તેઓ ફરીથી તે જ રીતે કુસ્તી માટે ભેગા થાય છે અને માફી માંગે છે.

સરકારી સૂચનોને પગલે કોરોના રોગચાળાને લીધે આ અનન્ય શૈલીની છામાવાણી મહોત્સવમાં આવી શકી નથી.

# એક પગારમાંથી કેટલીવાર ટેક્ષ ચૂકવું?

મેં ત્રીસ દિવસ કામ કર્યું....પગાર મળ્યો તો ટેક્ષ ચૂકવ્યો...
નવો મોબાઈલ લીધો તો ટેક્ષ ચૂકવ્યો.
રિચાર્જ કરાવ્યું તો ટેક્ષ ચૂકવ્યો.
નેટ કરાવ્યું તો ટેક્ષ ચૂકવ્યો.
વિજળી લીધી તો ટેક્ષ ચૂકવ્યો.
નવું ઘર લીધું તો ટેક્ષ ચૂકવ્યો.
ટી.વી,ફ્રિજ લીધા તો ટેક્ષ ચૂકવ્યો.
બાઈક કે કાર ખરીદી તો ટેક્ષ ચૂકવ્યો.
પેટ્રોલ ભરાવ્યું તો ટેક્ષ ચૂકવ્યો.
રોડ પર ચાલ્યો તો ટેક્ષ ચૂકવ્યો.
પાર્કિંગ કર્યું તો ટેક્ષ ચૂકવ્યો.
જો ચલાવવામાં ભૂલ થઈ તો ટેક્ષ ચૂકવ્યો.
રેસ્ટોરન્ટમાં જમવા ગયો તો ટેક્ષ ચૂકવ્યો.
પાણી મેળવ્યું તો ટેક્ષ આપ્યો.
રાશન ખરીદું છું તો ટેક્ષ ચૂકવું છું.
ગેસ મળે છે તો ટેક્ષ ચૂકવું છું.
કપડાં,બૂટ,ચપ્પલ અરે દવા પણ લઉં છું તો ટેક્ષ ચૂકવું છું.
સેંકડો બીજી ચીજવસ્તુ લીધી તો ટેક્ષ ચૂકવ્યો.કયાંક ફિસ ભરી તો કયાંક વ્યાજ આપ્યું.કયાંક દંડના નામ પર તો કયાંક રિશ્વતના નામે પૈસા ચૂકવ્યા.

આખી જિંદગી કામ કર્યા પછી કોઈ સામાજીક સુરક્ષા નહિં.કોઈ પેન્શન નહિં.કોઈ મેડિકલ સુવિધા નહિં.બાળકો માટે સારી સરકારી અથવા ઉચ્ચ શિક્ષણ માટે સ્કુલો નહિં.પબ્લીક માટે કોઈ સારી સરકારી ટ્રાન્સપોર્ટેશન સુવિધા નહિં.રોડ ખરાબ,સ્ટ્રીટ લાઈટ ખરાબ,પાણી ખરાબ,હોસ્પિટલ ખૂબ મોંઘી,દર વર્ષે વધતી મોંઘવારી,આકસ્મિક ખર્ચા અને પાછી પડયા ઉપર પાટુ સમી લાઈનો !!

આ બધો પૈસો ગ્યો કયાં ????
ભ્રષ્ટાચારમાં ?
ચૂંટણી માં ?
અમીર વેપારીઓને સબસીડી ને સસ્તી જમીનો માં?
થોડાક માલ્યા જેવા ના ભાગમાં?
સ્વિસ બેંક માં ?
નેતાઓની ગાડી ને બંગલા માં ?
કે પબ્લીક ને ઉલ્લુ બનાવવા માં???

હવે આમા ફોલ્ટ કયાં છે એ આપણે જોવાનું છે. કયાં સુધી આવી પછડાતી,ઘસડાતી જિંદગી જિવશો????

દેશવાસીઓને ખરેખર જરુર છે વિકાસની........નહિં કે મોટી મોટી ગુલબાંગો સાંભળવાની !

જો દેશની ગરીબ પબ્લીકને સમયસર સરકારી હોસ્પિટલો માં યોગ્ય સારવાર મળી રહેશે ને તો સાહેબ ગરીબ રોજગારી તો ગમે ત્યાંથી મેળવી લેશે.દેશને બુલેટ ટ્રેનની જરુર નથી જરુર છે યોગ્ય સારવારની....રહેવા ઘરની.....કેશલેસ ઈકોનોમી કરતાં ટ્રાફિકલેસ રસ્તા અને પોલ્યુશન મુકત વાતાવરણ માટે યોગ્ય પગલાં ભરો.

ઈન શોર્ટ મહેરબાની કરી જે પ્રાથમિક જરુરિયાતો છે એ તરફ ધ્યાન આપી પછી વધેલા સમયમાં આ બધું કરો...........આભાર.....

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર સાહિત્ય વિભાગ.
# આયોજક - સંચાલન એડમીન ટીમ.




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય વિભાગ ગ્રુપ આયોજિત ઘરના ગણેશ ગણેશોત્સવ દરમિયાન "ગણેશ જી " વિષય અંતર્ગત ગ્રુપ મેમ્બર દ્વારા લખાયેલ કેટલુંક લેખક........

-------------------------------------------

(૧) N G નંબર 60
વિભાગ : ગદ્ય
વિષય : ગણેશ મંદિર સપડા, જામનગર.
ભગવતી પંચમતીયા 'રોશનીઘ
ઓમ શ્રી ગણેશાય નમઃ

કોઈ પણ શુભ કાર્યની શરૂઆત ગણોનાં અધિપતિ એવા શ્રી ગણપતિજીની સ્તુતિ અને સ્થાપનાથી કરવામાં આવે છે. દેવોનાં પણ દેવ એવા મહાદેવ અને ભગવતી પાર્વતીજીનાં પુત્ર, કાર્તિકેયનાં અનુજ શ્રી ગણેશજી માત્ર ભારતમાં જ નહીં સમગ્ર વિશ્વમાં પૂજાય છે.

ભાદરવા સુદ ચોથ એટલે ગણેશ ચોથ. જેને આપણે વિનાયક ચોથ અને ગણેશ ચતુર્થી નામે પણ ઓળખીએ છીએ. ગણેશ ચતુર્થીનાં થોડાં દિવસ અગાઉ જ તેમને ઘેર કે સોસાયટીમાં લાવવાની તૈયારીઓ શરૂ થઈ જાય છે. તેમનાં સ્વાગત માટે પહેલાં સાફ સફાઈ અને પછી મંડપ કે પંડાલને શણગારવામાં આવે છે. પંડાલોમાં થીમ આધારિત સુશોભન પણ કરવામાં આવે છે. તેમને પ્રિય મોદક બનાવી તેમને પ્રસાદ ધરાવવામાં આવે છે. જાત જાતનાં સુગંધી પુષ્પો અને ધૂપ-દીપ તેમને અર્પણ કરવામાં આવે છે. સાથે સવાર સાંજ આરતી પણ ખરી જ!

જામનગરથી લગભગ સત્તર કિમી. દૂર સપડા નામનું ગામ આવેલું છે. આ ગામ ત્યાં અવેલા સિદ્ધી વિનાયક ગણપતિજીના મંદિર માટે પ્રખ્યાત છે. દૂર દૂરથી શ્રદ્ધાળુઓ અહીં બાપ્પાનાં દર્શને આવે છે. તો ઘણાં લોકો પોતાની માનતા ઉતારવા પણ અહીં આવે છે. વિજરખી ડેમની નજીક આવેલાં આ ગામને પ્રકૃતિ તરફથી સુંદરતાની ભેટ મળી છે. કુદરતે અહીં છુટ્ટે હાથે સૌન્દર્ય વિખેર્યું છે! ચોમાસાની ઋતુમાં આ ડેમ પાણીથી છલોછલ ભરેલો હોય છે. સપડા ગામમાં પ્રવેશતા જ મન શીતળતાનો અનુભવ કરવા લાગે છે.

સપડાનું આ ગણેશ મંદિર અતિ પ્રાચીન છે. તેમજ જામનગરનું પ્રથમ ગણેશ મંદિર પણ આ જ છે. સપડાનું આ સિદ્ધિ વિનાયક મંદિર લગભગ ૬૦૦ વર્ષ જૂનું છે. એમ માનવામાં આવે છે કે હાલર પર રાજ કરતાં ચાવડા કુળના રાજાએ આ મંદિર બંધાવ્યું હતું. ત્યારબાદ રાજા રણજીતસિંહજીએ તેની સાચવણી કરી.

ગણેશ ચતુર્થીના દિવસે સવારે ત્યાં મહાઆરતી તેમજ બપોરે મહાભોજનનું આયોજન કરવામાં આવે છે. તેનો લાભ પચાસથી સાઈઠ હજાર ભક્તો લે છે. રાતે સંતવાણીના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવે છે. આ મંદિરમાં સ્થાપિત મૂર્તિ સિવાય તેનાથી જરાક જ દૂર ગણેશજીની ભવ્ય પ્રતિમા આવેલી છે. લોકો ગણેશજીનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે.

ગણેશજી આપણી અંદર રહેલી આસૂરી વૃત્તિઓ પર જીત મેળવવામાં સહાયરૂપ બને છે. માટે આ વિઘ્નહર્તા દેવ સર્વત્ર પૂજાય છે. અસ્તુ.

-------------------------------------------

(2) GN- 0037
વિભાગ - ગદ્ય
શીર્ષક - સિદ્ધિવિનાયક ગણેશ.
શ્રી સિદ્ધિવિનાયક

ગણપતિનું મંદિર, રાજકોટ જિલ્લામાં, ઉપલેટા તાલુકાનું, નાનું એવું ગામડું, 'ઢાંકમાં' આવેલું છે. અહીયા, જમીનમાંથી સ્વયં પ્રગટ થયેલ ગણેશજીની મૂર્તિ સ્થાપિત છે. દંતકથા અનુસાર, ઘણી વખત ગામમાં નદીના પાણી, ફરીવળ્યા, પણ ક્યારેય સ્વયમભૂ પ્રગટ થયેલ મૂર્તિને જરા પણ નુકશાન થયું નહીં. ગણેશીજીની આ મૂર્તિના દર્શન માત્રથી લોકોની ઈચ્છા પૂર્તિ, સિદ્ધિ હાસિલ થતી હોવાથી, આ ગણેશજીના મંદિરને 'સિદ્ધિ વિનાયક ગણેશ ' નામે પ્રચલિત છે.

નાનાં એવા ગામડામાં એકદમ સુંદર, રીતે તૈયાર કરવામાં આવેલ 'સિદ્ધિ વિનાયક ગણેશજીના' મંદિરની પાસે, 'આકડાંના ગણેશજી'( આંકડાના વૃક્ષના થડમાં ) ની પ્રતિમાના દર્શન થાય છે.ગણેશ મંદિર પાસેજ, શિવજીનું મંદિર પણ બંધાવવામાં આવ્યું છે.અહીયા પૂજારી મંદિરની અંદરજ રહે છે.જે લોકો દૂર દૂરથી અહીંયા આવી નથી શકતાં એ લોકો, ગણેશજીને પત્ર લખી પોતાની ઈચ્છા પૂર્તિ માટે જણાવે છે.પૂજારી નિયમિત પણે લોકોના પત્રો, ગણેશજીને વાંચી સંભળાવે છે.અને યોગ્ય સમયે ઉત્તર પણ આપે છે.

સિદ્ધિ વિનાયક ગણેશજીના ઘણાં, ચમત્કારો પણ લોકોએ જોયા છે.રાહ ભટકી ગયેલ મુસાફરોને સ્વયં આવી માર્ગ ચિંધ્યો છે.લોકોની મનોકામના પૂર્ણ થતાં, અહીયા આવી લાડુનો પ્રસાદ ચઢાવી, દર્શન કરી પાવન બને છે.દેશ તો શું પરદેશથી પણ ગણેશજીના દર્શને લોકો આવે છે.

હું મારીજ વાત કહું તો, પ્રથમ વખત જ્યારે 'ઢાંકના ' એ મંદિર વિશે સાંભળ્યું, મનોમન કંઇક ઈચ્છા બંધાઈ ગઈ.અને એ ઈચ્છા ખૂબજ ઓછા સમયમાં પૂર્ણ પણ થઈ.ત્યારબાદ અચાનકજ દર્શન કરવા જવાનું થતાં, લાડુનો પ્રસાદ ધરવાની માનતા હોય, યાદ આવ્યું.ભાઈને જણાવ્યું, મારે લાડું લેવાના છે. પણ કર્મ સંજોગે એ દિવસ રવિવારનો, બપોરના ત્રણ વાગ્યાનો સમય હોય, ગામ આંખું બંધ.છતાં પણ નજીકના ગામમાં લાડું માટે કદાચ કોઈ દુકાન ખુલ્લી હોય, એમ વિચારી ગામની અંદર ગયાં.આખું ગામ બંધ,પણ ગણેશજીની કૃપાથી, એક દુકાન ખુલ્લી ! અને એ પણ કંદોઈની.બાપ, દીકરો બન્ને દુકાનમાં લાડું બનાવતા હતાં.સાથે આવેલા કુટુંબીજનો પણ વિચારતા રહ્યાં.

સાથે આવેલા કુટુંબીજનોએ પણ ઈચ્છા પૂર્તિ માટે ગણેશજીને પ્રાર્થના કરી.એ લોકોની મનોકામના પણ, ગણેશજીએ પૂર્ણ કરી.ત્યારબાદ ઘણાં સમય સુધી ગણેશજીના દર્શનની ઈચ્છા હોવા, છતાં જઈ ના શકાયું.પણ, એક વખત જવાનું ક્યાંક બીજે હતું, અને પહોંચી ગયા ત્યાં.અચાનકજ દર્શન થતાં, આનંદ સાથે કંઇક ઈચ્છા પ્રગટ થઈ .ગણેશજીનો ચમત્કાર કહું, તો અતિશયોક્તિ નથી.ઘરે પહોંચતાં શુભ સમાચાર મળતાં, અતૂટ શ્રદ્ધા બંધાઈ ગઈ.( આ વાતને હજુ ૧૧ માસ થયા છે.)

' સિદ્ધિ વિનાયક ગણેશજીનું મંદિર' મનને અતિ, શાંતિ આપે એવું અલોકિક, અદભૂત અવિસ્મરણીય બની રહે એવું છે.

જય શ્રી સિદ્ધિવિનાયક ગણેશજી, સૌનું કલ્યાણ કરજો.

હેમલતા ટી. દિવેચા.જૂનાગઢ.
(રચના નથી,સત્ય છે માટે સ્પર્ધામાં ના લેશો.)

-------------------------------------------

(3) NG/0044
વિભાગઃ- ગદ્ય
શીર્ષકઃ- ગણેશજી

પુરાણોમાં જણાવ્યા મુજબ, શિવજી તપ કરવા ગયેલા ત્યારે પાર્વતીજીએ પોતાની ખાસ સખીઓનાં કહેવાથી વિચાર્યું કે, ' મારો સેવક ચતુર, ઉત્તમ અને બુદ્ધિશાળી તેમજ એવો આજ્ઞાંકિત હોય કે મારી આજ્ઞા સિવાય પોતાના સ્થાન પરથી સ્હેજ પણ ખસે નહીં.' પાર્વતીજીએ આ વિચાર આવતાં જ પોતાના મેલમાંથી એક સુંદર સોહામણો બાળક ઉત્પન્ન કર્યો. વિવિધ વસ્ત્રાલંકારોથી શણગારી કહ્યું કે,' તું મારો પુત્ર છે'. પાર્વતીજીએ સ્વયં ઉત્પન્ન કરેલા હોવાથી પાર્વતીનંદન કહેવાયા.

માતા માટે સેવા કરવાની ઇચ્છા બતાવતા પાર્વતીજીએ પુત્રને કહ્યું," તું મારો દ્વારપાળ થા.હું સ્નાન કરવા જાઉં છું એટલે મારી રજા સિવાય કોઈ બીજી વ્યક્તિ પ્રવેશ કરે નહી તેનું ધ્યાન રાખવું." એમ કહી આ બાળકના હાથમાં દંડ આપી ગણો નાં અધિપતિ તરીકે સ્થાપિત કરી દ્વારપાળ ની ફરજ બજાવવા કહ્યું.આમ ગણો નાં અધિપતિ થવાથી ગણપતિ કહેવાયા.

તપ કરવા ગયેલા શિવજી નારદજીની વાત સાંભળી ક્રોધિત થઈ ઓચિંતા ઘરે પધારી ઘરમાં જવા લાગતા, પોતાના પિતાને ઓળખતા ન હોવાથી ગણેશે વિનયપૂર્વક રોકવા માંડ્યા.શિવજીએ પોતે આ ઘરનાં માલિક શિવ છે મને અંદર જતા ન રોકી શકાય.એમ કહી બળજબરીથી અંદર જવા માંડતા આજ્ઞાંકિત ગણપતિએ શિવજીને દંડથી માર્યા, એટલે ક્રોધિત થઈ શિવાજીએ ત્રિશૂળથી ગણપતિનું મસ્તક જેથી નાખ્યું.

પાર્વતીજીએ બહાર આવી પુત્રનું મસ્તક છેદાયેલું જોઈ આક્રંદ કરતા કહેવા લાગ્યા મારા પુત્રને જીવંત કરો.તરત જ શિવજીએ ગુણોને આજ્ઞા કરી," ઉત્તર દિશામાં જાવ અને જે પ્રથમ જે સામે મળે એનું મસ્તક લઈ આવો." પ્રથમ એકદાંત વાળો હાથી મળતા તેનું મસ્તક લઈ આવ્યા.ગણપતિનાં ધડ પર મંત્રોચ્ચાર કરી જોડી દેતાં બાળક જીવંત થયો,અને એકદંત કહેવાયો.

શિવજીએ આશિર્વાદ આપતા કહ્યું ," આજથી કોઇપણ કાર્યમાં સહુ પ્રથમ તારી પૂજા થશે.

તારી ભક્તિ કરનારના વિઘ્ન દૂર કરશે અને વિઘ્નહર્તા કહેવાશે.મોટુ પેટ હોવાથી લંબોદર કહેવાયા.

કહેવાય છે કે, આંકડો ગણેશજી નો પ્રિય.આંકડામાં ગણેશજીનો વાસ હોય.સો વર્ષ જુના આંકડાના મૂળમાંથી આપોઆપ ગણેશજીની મૂર્તિ બંને જે આંકડાના ગણપતિ તરીકે ઓળખાય આ ગણપતિનું ખૂબ જ મહત્વ.

આબાલવૃધ્ધ સૌના પ્રિય ગણપતિ આ વર્ષે કોરોના કાળમાં સુના પડી ગયા.

વિઘ્નહર્તાને એક જ પ્રાર્થના આનંદચૌદશે વિદાય લેવ ત્યારે હંમેશ માટે કોરોના ને પણ લઈ જજો.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા.બીલીમોરા

-------------------------------------------

N O G S ( vip ) Member grp
(4) N. G. No. -- 39
પ્રકાર -- ગદ્ય -- લેખ
શીર્ષક -- શ્રી ગણેશજી
શબ્દો -- ૩૫૫
શ્રી ગણેશજી

જલતત્ત્વના અધિપતિ, હિન્દુ ધર્મના માનીતા, વિઘ્નહર્તા દેવતા શ્રી ગણેશજીને કોણ નથી ઓળખતું? ગુણોના સ્વામી શ્રી ગણેશ, ગણપતિ તરીકે પણ ઓળખાય છે.

ભોળા શિવ શંભુ અને સતી પાર્વતીના પુત્ર, રિદ્ધિ અને સિદ્ધિ નામની બે દેવીઓના પતિ, કાર્તિકેયના ભાઈ, લાભ અને શુભ એવા બે દીકરાના પિતા શ્રી ગણેશજી ઘેર ઘેર પૂજાય છે.

કોઈ પણ માંગલિક કાર્ય શરૂ કરતાં પહેલાં ગણપતિજીની સ્થાપના થાય છે.એ વિઘ્નહર્તા દેવ મનાય છે.એમની સ્થાપના અને પૂજા કરવાથી કોઈ પણ શુભ કાર્ય વિઘ્ન વિના પાર પડે છે. મૂષક એમનું વાહન છે.જ્યાં ગણેશજી હોય ત્યાં રિદ્ધિ, સિદ્ધિ અને શુભ, લાભ હોય જ. ત્યાં સુખ અને શાંતિ રહે છે

જ્યોતિષમાં એમને કેતુના અધિપતિ માનવામાં આવે છે.એમના બહુ બધા નામ છે પરંતુ સુમુખ, એકદંત, કપિલ, લંબોદર, વિકટ, વિઘ્નહર્તા, વિનાયક ધૂમકેતુ, ગણાધ્યક્ષ, ભાલચંદ્ર, અને ગજાનન મુખ્ય છે.

એકદિવસ પાર્વતીજી ન્હાવા બેઠા હતા ત્યારે ગણપતિ દરવાજે ચોકી કરતાં હતાં. શિવજી આવ્યા તો પણ ગણેશજીએ બારણું ના ખોલ્યું એટલે ગરમ સ્વભાવના શિવજીએ પોતાના જ પુત્રનું માથું ધડથી જુદું કરી નાંખ્યું.પછી પસ્તાવો થયો એટલે હાથીના બચ્ચાનું માથું એમનાં ધડ ઉપર બેસાડયું એટલે એ ગજાનન કહેવાયા.

તેમનું શિર્ષ હાથીનું હતું અને પેટ મોટું હોવાથી દુંદાળા દેવ તરીકે પણ જાણીતા છે.પરદેશમાં હિન્દુસ એલીફન્ટ ગોડ તરીકે ઓળખાય છે.

તેમનો પ્રિય ભોગ મોદક છે અને એમને લાલ રંગના પુષ્પો બહુ ગમે છે.એમનું પ્રમુખ અસ્ત્ર અંકુશ ( પાશ ) છે.અનિષ્ટ તત્ત્વો ઉપર એમનો પૂરેપૂરો અંકુશ છે.

ભારતમાં ગણેશજીના ઘણાં મંદિરો છે. ભાદરવા સુદ પાંચમથી ભાદરવા સુદ ચૌદસ સુધી, નવ દિવસ ગણેશોત્સવ ધામધૂમથી મનાવવામાં આવે છે.ચોરે, ચૌટે કે ઘરમાં એમની સ્થાપના કરવામાં આવે છે.જેટલા દિવસ ગણેશજી રહે છે એટલા દિવસ એમની પૂજા, અર્ચના,ભજન અને આરતી કરીને એમને ગમતાં લાડુ અને બીજી વસ્તુઓનો પ્રસાદ ધરાવવામાં આવે છે.સગા - સંબંધીઓને ઘેર શ્રી ગણેશનાં દર્શન કરવા બોલાવવામાં આવે છે.જ્યારે એમને વિદાય કરવાના હોય છે ત્યારે પણ પૂજા કરીને ધામધૂમથી વળવવામાં આવે છે.તેમને નદીમાં પધરાવવા જોઈએ એવી ધાર્મિક માન્યતા છે.પરંતુ આ વખતે કોરોનાની મહામારીને કારણે, લોકોના હિતને ધ્યાનમાં રાખીને ચોરે ચૌટે એમની સ્થાપના કરવાનું ટાળીને માત્ર ઘરમાં જ એમની સ્થાપના કરવી પડી છે અને એમનું વિસર્જન ઘરમાં જ ચોખ્ખા પાણીમાં કરવું એવું સરકારે નક્કી કર્યું છે.શ્રી ગણેશની મૂર્તિ પણ પી.ઓ.પી.ના બદલે ચોખ્ખી માટીમાંથી બનાવવામાં આવી છે જે તરત જ ઓગળી જાય અને શુદ્ધ રીતે એમનું વિસર્જન થાય.

પ્રફુલ્લા"પ્રસન્ના"★અમદાવાદ

-------------------------------------------

(૫) ન્યૂઝ ઓફ ગાંધીનગર
NG NO:0043
વિભાગઃ ગદ્ય
શીર્ષકઃ ગણેશજીની કથા

"પ્રથમ પૂજ્ય દેવ"

દેવોમાં અનેક દેવ પૂજ્ય છે. દરેકની પૂજાનું ક્યાંકને ક્યાંક વિશેષ મહત્વ છે. આજે વાત કરીએ ગણેશજી કે જે દરેક મંગલ કાર્યોમાં પ્રથમ પૂજ્ય દેવ છે. આજે જાણીએ એ કથા વિશે શા માટે અને કેવી રીતે ગણેશજીને પ્રથમ પૂજ્ય તરીકે સ્થાન મળ્યું?

શિવ ભગવાન અને પાર્વતી માતાના મોટા પુત્ર કાર્તિકેય અને નાના પુત્ર ગણેશજી. ગણેશજી જે પાર્વતી માતાના શરીરના મેલમાંથી ઉત્પન્ન થયા છે. જેમનું મસ્તક આક્રોશમાં શિવ ભગવાને ધડથી અલગ કર્યું હતું. ત્યારબાદ એક ગજનું મસ્તક તેમને લગાવવામાં આવ્યું અને તેમને "દુંદાળા દેવ" તરીકે ઓળખવામાં આવે છે. હવે વળાંક લઈને મુખ્ય કથા તરફ.

એકવાર કાર્તિકેય અને ગણેશજી વચ્ચે એક પ્રતિયોગિતા યોજાઇ.પ્રતિયોગિતા હતી કે કોણ આખા બ્રહ્માંડની પ્રદક્ષિણા પૂર્ણ કરીને પ્રથમ આવે છે? હવે કાર્તિકેય તો ચાલ્યા પોતાના વાહન મયૂર પર બેસીને આખા બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવા.ગણેશજી અને તેમનું વાહન મૂષક હજી તે જ સ્થાન પર હતા જ્યાંથી પ્રતિયોગિતા શરૂ થઈ હતી. ગણેશજી દુંદાળા પેટના કારણે ઝડપથી આગળ વધી શકતા ન હતા.જેથી મૂષક રાજ પણ ચિંતામાં મૂકાઈ ગયા અને કહેવા લાગ્યા,"ગણેશજી આપણે આટલા ધીમેથી જઈશું તો પ્રતિયોગિતા જીતી શકીશું નહીં."એટલામાં ગણેશજીએ જોયું કે ,"બધા જ તો પ્રતિયોગિતામાં ચાલી નીકળ્યા છે તો માતા-પિતાની સેવા અને પૂજા કોણ કરશે?"

ગણેશજીએ આ વિચારીને પિતા શંકર અને માતા ઉમિયાજીને સિંહાસન પર બિરાજમાન થવા કહ્યું. સૌ આશ્ચર્ય ચકિત થયા કે" ગણેશજી પ્રતિયોગિતાને બદલે આ શું કરી રહ્યા છે?" પછી ગણેશજીએ પિતા શંકર અને માતા ઉમિયાજીની પૂજા કરી, તેમને ચરણ સ્પર્શ કર્યા અને તેમની પ્રદક્ષિણા કરવાનું શરૂ કર્યું. થોડીવારમાં કાર્તિકેય બ્રહ્માંડની પ્રદક્ષિણા કરી પરત ફર્યા ત્યાં તેમણે જોયું કે ગણેશજી તો માતા પિતાના ખોળામાં બિરાજમાન છે. ત્યારે કાર્તિકેયે ગણેશજીની હસી ઉડાવતા કહ્યું કે,"હું જાણતો જ હતો આ પ્રતિયોગિતામાં ગણેશ જીતી શકશે નહીં. વિજેતા તો હું જ બનીશ."

બસ આટલુ સાંભળતા શંકર ભગવાને કાર્તિકેયને કહ્યું,"તમે બધા પ્રતિયોગિતા જીતવાની લાલચમાં બ્રહ્માંડની પ્રદક્ષિણા કરવા ચાલી નીકળ્યા,પરંતુ કોઈએ પણ વિચાર્યું નહીં કે અહીં પૂજાપાઠ કોણ કરશે? ફક્ત ગણેશે અમારી પૂજા અર્ચના કરી અને અમારી પ્રદક્ષિણા કરી.આમ જે બાળક સૌપ્રથમ પોતાના માતા-પિતાને પૂજનીય ગણે છે તે સર્વ દેવતાઓમાં પ્રથમ પૂજનીયનું સ્થાન પ્રાપ્ત કરે છે".

શંકર ભગવાને ગણેશજીને વરદાન આપતા કહ્યું કે,"આ સંસારમાં જ્યારે પણ કોઈ પૂજનીય કામ કે કોઈ મંગલ કામની શરૂઆત થશે તો તેમાં પ્રથમ પૂજનીય તરીકે ગણેશની પૂજા કરવામાં આવશે". આ રીતે ગણેશજીએ સર્વ દેવતાઓમાં પ્રથમ પૂજનીયનું સ્થાન મેળવ્યું.

આ કથા ઉપરથી કહી શકીએ કે,
"પૂજે જે પ્રથમ માત-પિતાને,
પૂજાય તે સર્વ દેવોમાં પ્રથમ સ્થાને."

મૈત્રી ઉપાધ્યાય અમદાવાદ

-------------------------------------------

(૬) ન્યુઝ ઓફ ગાંધીનગર
NG- 0053
પ્રકાર-ગદ્ય
શીર્ષક : ગણેશજીનું વિસર્જન

ગણેશ ચતુર્થીએ ગજાનંદની મૂર્તિનું સ્થાપન એ ઉત્સવનું વાતાવરણ અને ચહલ-પહલ ગણેશ વિસર્જનના દિવસે વિદાય લે છે.

બુદ્ધિશાળી, રિદ્ધિ સિદ્ધિના દાતા, તા લાભ-શુભ કર્તા ગણેશજીની સ્થાપના ભક્તિભાવે કરી આપણે શ્રદ્ધાપૂર્વક યથાયોગ્ય પૂજન અર્ચન તથા વિવિધ પ્રકારના નૈવેધ અર્પણ કરીને પૂરા દસ દિવસ શાસ્ત્રોક્ત વિધિ અનુસાર ગણપતિની આરાધના શ્રદ્ધાપૂર્વક કરતા જ્યારે ગણેશ વિસર્જનની ઘડીએ આવી જાય છે ત્યારે પણ ભક્તોની આંખને ભીની કરી નાખે છે.

ભક્તોએ ધાર્મિક લાગણી ન દુભાય અને ગણપતિનાં વિસર્જનની ગરિમા જળવાય તે માટે ઘરમાં જ વિસર્જન કુંડ બનાવીને ગણપતિનું શાસ્ત્રોક્ત વિધિ અનુસાર વિસર્જન કરવું રહ્યું. જેથી આસ્થા જળવાઈ રહે અને સાથે સાથે પ્રકૃતિનું સંતુલન પણ જળવાઈ રહે.

સર્જન અને વિસર્જન કુદરતમાં ચાલતી એક સમાન પ્રક્રિયા છે. ગણેશજી ઓમકાર સ્વરૂપ છે જે અનાદિકાળથી આપણી વચ્ચે રહેલ છે. ભગવાન ગણેશની વિદાય થાય અને તેઓ આવતાં વર્ષે વહેલાં વહેલાં આવી ફરીથી એ જ ઉત્સવ માણવા આવવાનું આમંત્રણ આપીએ છીએ.

ગણપતિ તો ઓમકાર સ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માનાં બે સ્વરૂપ છે.- સાકાર અને નિરાકાર. સાકાર એટલે રૂપ અને રંગ આકારનાં સ્વરૂપની પૂજા માટે ભૌતિક માધ્યમની મૂર્તિની આવશ્યકતા રહે છે. સાથે પૂજા સામગ્રી, પ્રસાદ રહે છે.

જો નિરાકાર સ્વરૂપનું ભક્તિ કરીએ તો તેનું વિસર્જન કરવાનું થતું નથી. નિરાકાર તો અનંત ને અખંડ છે.

ઘણી વખત સવાલ એ થાય કે ગણપતિનું વિસર્જન જળમાં જ કેમ કરીએ છીએ? સજીવ પૃથ્વી, જળ, આકાશ, વાયુ ,અગ્નિ એમ પંચ તત્વોમાંથી બનેલો છે. જેમાં જળ એ મુખ્ય ભાગ છે. પૌરાણિક કથાઓ અનુસાર શિવજીનાં પુત્ર ગણેશજીનો જન્મ પાર્વતીજીના સ્નાન- જળમાંથી થયો છે. માટે તેમનું સર્જન જેમ જળમાંથી થયેલું છે તેવી જ રીતે વિસર્જન પણ જળમાં જ કરવું રહ્યું.

-ચેતનાબેન મનોજકુમાર પંચાલ'.ચેતના'.પાલનપુર

-------------------------------------------

(૭) ન્યુઝ ઓફ ગાંધીનગર.
NG no. 0050.
વિભાગ - સત્ય ઘટના.
શીષેક...
ગણેશજીનો હાર લાંબો થાય.

. પ્રભુ કયાં ને કેવી રીતે ઉપકાર કરવા આવી જાય .આજનો દિ' રળિયામણો કંકુંવણે દિ' સાસુમા ને ઉગતા દિનકરનાં પરોઢીએ સ્વપ્ર
આવ્યું સોનાથી સજેલા ને મોટા ગણપતિ દાદા ભુલેશ્વરનાં ઘરે પધારે છે ,મોટા છે તો મારા સસરાને કહે છે ,"કેવી રીતે આવશે ?

ઘરમાં એ તો આવી જાશે એવો ભાસ ..જાણે આવી ગયા... યા.. સંકોચાય ને આશ્ચર્ય થયું મોટું શરીર કેમ કરતા આવી ગયું..ને આંખ ખુલી .

સસરાને. ..દીવો કરવાનું કહ્યું ને વાત માંડી ને કહી.સવારે સાડા ચાર વાગે પૂજા કરતા હોય.. અને આગમન દાદાનું તો ,"આપણે ગણેશ પુરાણ કરાવશું. પાંચ દિ નું...."

આમ તો ઘણી કૃપા દાદાની ચાર પેઢીથી ઉપાસના થાય.સૌ સંકષ્ટી કરે.... ૨૧ વષે પુરા થતા અમારો પણ મનોધાર પુરાવાનો હોય. એ વેળા આવી એકવીસ વષે પૂરા થવાનાં બાકી હતા પણ દાદાની મરજી સસરાનાં પૂરા થયા હતા ને સાથે મારા જેઠ ને .. અમારો પણ મનોધાર સાથે પુરાવ્યો. ત્રણ ભદ્રમંડળ પુરાયાને.

ગણેશજી જાણે ઘરમાં બીરાજ્યાં. આવ્યાં પાછા મુંબઈ ને ચમત્કાર થયો કાંદિવલીમાં. જેઠના ઘરે સંકષ્ટીનાં દિ' ચડાવેલો હાર લાંબો થતો ગયો જમીન સુધી ને નીચે થાળી રાખવી પડી.. કેટલાય લોકો દશેને આવ્યાં. આજ પણ ચડાવેલો હાર લાંબો થાય છે.. આ વાતને ૨૦ વષે થવા આવ્યાં પહેલી વાર થયું ત્યારે પુષ્પ પૂજા કરેલી .ગણેશ યજ્ઞ જેવું ઘરમાં કરેલું . ૨૦૦૯ માં અમે ગણેશ પુરાણ કરેલું પાંચ દિ'નું .. અમારા વતન મુડેટી સવે તૈયારી મારા હસ્તે જ થયેલી.. ત્યારે મારા સાસુમા નહોતા.. પણ પુણોવતીનાં દિ '
ભીક્ષા માગવા આવેલા સાધુ રૂપે માગ્યુંએ આપેલું એ રૂપ કાંઈ અલૌકિક હતું ચદ્ર સમું તેજ હતું .. બધાને આશીષ આપીને ગયા..
જાતે માંગીને ભોગ ગ્રહણ કયો..
દાદાની કૃપા સદાય વરસતી રહી છે કુંટુંબ પર..હાજરા હજૂર સિધ્ધપુરનાં ઘરમાં બેઠા છે .ભીતમાંથી પ્રગટયાં છે. જયારે સિધ્ધપુર જઈએ ત્યારે સિંદૂરી પૂજા કરીએ છીએ . દુંડાળા દેવ કૃપા વરસાવતા રહે છે.
મુસીબતમાં કોઈ પણ સ્વરૂપે મદદ કરી જાય છે....

રાગીની શુકલ"રાગ"
(મુંબઈ,કાંદિવલી.)

-------------------------------------------

(૮)અનુત્સવમાં ઉત્સવ

વિઘ્નેશ્વરાય વરદાય સુરપ્રિયાય,
લંબોદરાય સકલાય જગત્પિતાય;
નાગાનનાય શ્રુતિયજ્ઞ વિભૂષિતાય,
ગૌરીસુતાય ગણનાથ નમો નમસ્તે!

ગણપતિ બાપા પધાર્યા, હવે તો જવા નિર્ધાર્યા...

ચાલો, રસ્તા પર જઈને ઢોલ -?? નગારા ના તાલે મન ભરીને નાચીએ! બધાને ચાંદલો કરીએ! હળીમળીને આરતી કરીએ ને ગણેશજીને પૂજીએ!

ના...!

ગણપતિજી ખુશ છે કે તેમને પૂજતા લોકો તેમને આવા કોવિડ-૧૯ જેવા કપરા સંજોગોમાં પણ ઘરે લાવ્યા, એવા ગંભીર સમયમાં જેમાં લોકો એકબીજાથી ૬ ફુટ દુર રહે છે! ઘરમાં ગણપતિ લાવતા લોકોએ આવા તાળાબંધીના સમયે પણ કોઈ જ ભય વિના તેમની મૂર્તિ લાવ્યા, કારણ કે આખી દુનિયા જાણે છે કે ભગવાન જ છે જે આપણને આ મહામારીમાં થી ઉગારશે...

આપણને પૂર્ણ શ્રદ્ધા છે કે ભગવાન આવ્યા છે, તો આ વાયરસ લેતા જ જશે, કારણ તેઓ તો ફક્ત બધાંનું ભલું જ કરે છે.

તો આપણે શું કરવાનું છે? નિઃસ્વાર્થ પ્રાર્થના! ભાવપૂર્વક કરેલ પ્રાર્થનામાં અદ્ભુત શક્તિ છે જે કોઈ પણ મુશ્કેલ પરિસ્થિતિઓમાં આપણને નિર્ભય બનાવે છે તથા તેની સામે ઝઝૂમવાનુ બળ અર્પે છે! ચલો, મળીને આ વખતે ગણેશજીને પ્રાર્થના કરીએ કે આ વાયરસથી આપણી પૃથ્વી માતાને મુક્તિ પ્રદાન કરે... હા, ખાસ ધ્યાન રાખજો કે વિસર્જન શક્ય હોય તો ઘરમાં જ કરીએ, બહાર ન જઈએ, જેથી ભગવાનને પણ દરિયાના ખારા પાણીથી હાશકારો અનુભવાય તથા જળપ્રવાહ પણ શુદ્ધ રહે!

ગણપતિ બાપા મોરિયા!

ઋજુ અપૂર્વ શાહ ધોરણ ૨ ૮

-------------------------------------------

એડમીન પેનલ - પ્રદીપ રાવલ (તંત્રી/ માલિક) (M-9824653073)
નિર્ણાયકશ્રી-જયશ્રી પટેલ,વંદના વાણી
સહ નિર્ણાયક - આરતી મર્ચન્ટ ,આરતી રામાણી
સંચાલક - જીજ્ઞા કપુરિયા.
સંપર્ક : Email : prdpraval42@gmail.com

-------------------------------------------

નોધ :- ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક પ્રસિદ્ધ સાહિત્ય વિભાગ ના આયોજક,આયોજન,સંચાલન હવે પછી સાહિત્ય વિભાગ ગ્રુપ એડમિન કરશે.કોઈપણ લખાણ કે વ્યક્તિગત વાદ વિવાદ જવાબદાર એડમીન ટીમ રહેશે.તંત્રી ક્યાંય પણ કોઈપણ લખાણ કે ગ્રુપ મેમ્બરોને લગતા વાદ વિવાદ ને જવાબદાર નથી.જે સર્વે આં ગ્રુપ ના મેમ્બર નોધ લેવી ..તંત્રી : પ્રદીપ રાવલ

### રખડતા ઢોર અને ગાયને ઘરમાં રાખો નહીતો પાંજરાપોળ ભેગી થશે

# ભિલોડા પીએસઆઇ કે.કે.રાજપૂતે પંચાયતને નોટીસ આપી ઢોર સમસ્યા દૂર કરવા તાકીદ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

છેલ્લા ઘણાં સમયથી ભિલોડા ગામ ગોકુળીયું ગામ બન્યું હોય તેમ નગરના વિવિધ રાજમાર્ગો ઉપર રખડતા પશુઓ નજરે પડી રહ્યા છે. ભિલોડા નગરમાં વરસાદ પડતાની સાથે પશુપાલકો તેમના ઢોર અને ગાયોને રખડતી મુકી દેવામાં આવતી હોય છે.જેના પગલે રખડતી ગાયો જાહેર માર્ગો પર અડીંગો જમાવી દેતી હોય છે.આખરે વાહન ચાલકો અને રાહદારીઓને હાલાકીઓનો ભોગ બનવુ પડે છે.રખડતા પશુઓના પગલે અકસ્માતની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો થતા ભિલોડા પીએસઆઈ કે.કે.રાજપૂતએ ભિલોડા ગ્રામ પંચાયતને નોટીસ આપી નગરના માર્ગો પર રખડતા ઢોરની સમસ્યાનો તાત્કાલિક નિકાલ લાવવા તાકીદ કરી છે નહીતો નગરના માર્ગો પર રખડતા પશુઓને પાંજરે પોળ મોકલી આપવા સૂચન કર્યું છે. ભિલોડા પીએસઆઈ કે.કે રાજપૂતે ભિલોડા ગ્રામ્ય પંચાયતને નોટિસ ફટકારી જણાવ્યું છે કે ભિલોડા ટાઉન વિસ્તારમાં રોડ પર રખડતા ઢોર તેમજ રોડ પર ગાયો બેસી રહેતી હોવાથી અકસ્માત થવાની શક્યતા રહેલી હોય સત્વરે ઢોર માલિકોને જાણ કરી રખડતા ઢોર અને ગાય પોતાના ઘરે બાંધી રાખવી નગરના માર્ગો પર રખડતી જોવા મળશે તો ઈડર પાંજરાપોળ મોકલી આપવા કાર્યવાહી કરવાની તાકીદ કરી છે જેથી અકસ્માતની ઘટનાઓ અટકે અને રખડતા પશુઓ રોડ પર અડિંગો જમાવતા ટ્રાફિકની સમસ્યાનું નિર્માણ થતા ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ થાય અને રખડતા ઢોરની સમસ્યાનો યોગ્ય નીકાલ કરવા તાકીદ કરી હતી

વર્ષોથી રખડતા ઢોર અને ગાયની સમસ્યાનો સામનો કરી રહેલા નગરજનો અને વાહનચાલકોએ પીએસઆઈ કે કે રાજપૂતની આપેલ નોટિસની સરાહના કરી હતી

### બફર ઝોન વિસ્તારમાં લોકોની અવર-જવર પર ૫ કિ.મી ત્રિજ્યામાં પ્રતિબંધ

# અરવલ્લીના મોડાસા નગરપાલિકાના ૨ સોસાયટી અને તાલુકાના ૪ ગામો વિસ્તારનો કન્ટેઈનમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ

મોડાસા,

હાલમાં વિશ્વભરમાં કોરોના વાયરસ COVID-19 ને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન દ્વારા વૈશ્વિક મહામારી જાહેર કરેલ છે. ભારતમાં પણ COVID-19 ના કેસો નોંધાયેલ છે. જે બાબતે ભારત સરકારશ્રી અને ગુજરાત સરકારશ્રી દ્વારા સમયાંતરે કોરોના વાયરસ COVID-19 ને ફેલાતો અટકાવવા માટે વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવેલ છે. જે અનુસંધાને કોરોના વાયરસ COVID-19 ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં તકેદારીના ભાગરૂપે લોકોની વધુ અવર-જવર વાળા જાહેર અને ખાનગી સ્થળોએ વાયરસને ફેલાતો અટકાવવા સારુપ્રતીબંધિત કરવામાં આવે છે. જે અંતર્ગત અરવલ્લી જિલ્લામાં કોરોનાનો પોઝીટીવ કેસ મોડાસા નગરપાલિકાના શ્રી રામ હેરીટેઝ, ડીપ વિસ્તારની દેવભૂમિ સોસાયટી અને માલપુર તાલુકાના ત્રિકમપુરા ગામનું ફલકુ ફળીયું ડુંગરા વચ્ચેનો વિસ્તાર,મોડાસા તાલુકાના કરશનપુરાકંપા, પાલનપુર ગામની વણકર ફળી અને ભરવાડ ફળી બાયડ તાલુકાના ગણેશપુર ગામ વિ્સ્તારમાં નોંધાતા અરવલ્લી જિલ્લા કલેકટર શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને તેમને મળેલી સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪ નો બીજો અધિનિયમ) ની કલમ-૧૪૪, ધ એપેડેમીક ડીસીઝ એકટ,૧૮૯૭ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૩૦ તથા ૩૪ અન્વયે વાયરસ ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે COVID-19 નો Containment Area (નિયંત્રિત વિસ્તાર) તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યા છે.

જેમાં COVID-19 નો કેસ મળી આવેલ મોડાસા નગરપાલિકાના શ્રી રામ હેરીટેઝ, ડીપ વિસ્તારની દેવભૂમિ સોસાયટી અને માલપુર તાલુકાના ત્રિકમપુરા ગામનું ફલકુ ફળીયું ડુંગરા વચ્ચેનો વિસ્તાર,મોડાસા તાલુકાના કરશનપુરાકંપા,પાલનપુર ગામની વણકર ફળી અને ભરવાડ ફળી બાયડ તાલુકાના ગણેશપુર ગામ વિસ્તારને COVID-19 Containment Area તરીકે જાહેર કરવામાં આવેલ છે. જયારે પાંચ કિ.મી વિસ્તારને બફર ઝોન જાહેર કરેલ છે. જેમાં આ વિસ્તારના એન્ટ્રી અને એક્ઝીટ પોઈન્ટ પર થર્મલ સ્ક્રીનીંગ, વિસ્તારને આવરી લેતા મુખ્ય માર્ગો પર ચૂસ્ત પોલીસ બંદોબસ્ત તેમજ આવશ્યક સેવાઓ( તબીબી સેવાઓ અને કાયદો અને વ્યવસ્થા સંબંધિત ફરજો સહિત) અને સરકારી વ્યવસ્થાપનની સાતત્યતા જાળવવા સિવાયની પરવાનગી વગર વસ્તીની આવાન-જાવનની પ્રવૃતિઓ પર જરૂરી નિયંત્રણો મુક્યા છે.

આ જાહેરનામા અન્વયે સરકારી ફરજ ઉપરની વ્યક્તિઓ, વિસ્તારમાંથી પસાર થતાં તમામ માલવાહક વાહનો, આવશ્યક ચીજવસ્તુનું વેચાણ કરતાં પાસ ધારકો તેમજ ત્યાં આવેલા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને જથ્થાબંધ બજારોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવશે, આ જાહેરનામુ તા, ૧૨ સપ્ટેમ્બર-૨૦૨૦ સુધી અમલી રહેશે જો કોઈ આ હુકમનો ભંગ કરતા માલૂમ પડશે તો તેમની વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતા-૧૮૬૦ ની કલમ-૧૮૮, ધ એપેડેમીક ડીસીઝ એકટ ૧૮૯૭ ધ ગુજરાત એપેડેમીક રેગ્યુલેશન, ૨૦૨૦ અને ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ-૫૧ થી ૫૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# સિધ્ધપુર ડેન્ટલ હોસ્પિટલ શોભાના ગાંઠીયા સમાન ,દર્દીઓ ખાનગી હોસ્પિટલો માં મોંઘી સારવાર કરાવવા મજબૂર

સિધ્ધપુરને મેડીકલ હબ બનાવીને સિધ્ધપુર પંથકના લોકોને તમામ પ્રકારના રોગોની સસ્તી અને સારી સારવાર ઉપલબ્ધ થાય તેમજ સિધ્ધપુરની ઈકોનોમી ઉપર આવે તે આશયથી તત્કાલીન ધારાસભ્ય અને આરોગ્યમંત્રી ડૉ.જય નારાયણભાઈ વ્યાસ ના પ્રયત્નોથી સિધ્ધપુરમાં આધુનિક ડાયાલિસીસ સેન્ટર અને બ્લડબેંક સહિતની જનરલ હોસ્પિટલ, રાજયની શ્રેષ્ઠ કેન્સર હોસ્પિટલ, ડેન્ટલ કૉલેજ અને હોસ્પિટલ, હોમિયોપેથી કૉલેજ અને હોસ્પિટલ, નર્સિંગ કૉલેજ વિગેરેનું માળખુ બનાવી લોકોને ઉત્તમ સારવાર મળી રહે તે સ્વપ્ન સાકાર થયુ હતું. પરંતુ ડેન્ટલ હોસ્પિટલના કર્મચારીઓ ની બેદરકારી અને નગરના રાજકિય સામાજીક આગેવાનોની આળસ તથા હૂંસાતુસીના કારણે આ હોસ્પિટલોમાં સારવારની ગુણવત્તા અને સ્ટાફના વર્તન માટે વારંવાર ફરીયાદો ઉઠતી રહી છે.

તાજો દાખલો ડેન્ટલ હોસ્પિટલનો છે. જયાના તબીબો દર્દીઓને તપાસતા નથી અને દૂર થી જ દવાની ચિઠ્ઠી પકડાવી દે છે. ગતરોજ સિધ્ધપુરના એક નિવૃત્ત મહિલા તબીબી કર્મચારી તેમના પતિ સાથે ડેન્ટલ હોસ્પિટલમાં દાંતની સારવાર માટે ઓપીડી સમય દરમ્યાન ગયા હતા. ફરજ ઉપરના તબીબ તેઓને તપાસીને યોગ્ય સારવાર આપશે તેવી આશા ત્યારે ઠગારી નિવડી જયારે ફરજ ઉપર હાજર ડોકટરે તપાસ કરવાના બદલે ૫ ફૂટ દૂરથી કયા દાંતમાં તકલીફ છે તેની પૃચ્છા કરી બહારથી દવા લખી આપીને રવાના કરી દીધા. કોરોના ના લીધે આમજ સારવાર થશે તેવો જવાબ મળ્યો હતો ત્યારે દાંતના અસહ્ય દર્દથી પિડાતા સિનીયર સિટીઝન વ્યકિતએ ખાનગી દવાખાને જઈ મોંઘી સારવાર લેવી પડી હતી. જો આમ જ હોય તો ડેન્ટલ હોસ્પિટલને ચાલુ રાખવાની શું જરૂર છે? આથી આ જાગૃત દંપત્તિએ ચૂપ રહેવાના બદલે મિડીયાનો સંપર્ક કરી આખી ઘટના વર્ણવી હતી. તેમના સાથે જે અનુભવ થયો તે જરૂરીયાતમંદ અને ગરીબ દર્દીઓ પણ થતો હશે અને આ સ્થિતી સુધરવી જોઈએ તેવી ભાવનાથી આ બાબતને બહાર લાવવા તેઓ કટીબધ્ધ બન્યા હતા.

વૈશ્ર્વિક મહામારીના સમયે જયાં લોકો તબીબોને દેવદૂત માને છે ત્યારે માનવતા બતાવવાના બદલે કેટલાક લોકો ફકત પોતાની નોકરીના દિવસો ભરી જનતાના રૂપિયે મફતનો પગાર ખાતા અને દર્દીઓ સાથે તોછડાઈ સાથેનું વર્તન કરતા હોવાની સતત ફરીયાદો ઉઠવા પામી છે. આવા સ્ટાફ સામે દંડાત્મત કાર્યવાહી કરાય તે અત્યંત જરૂરી છે.

એક જવાબદાર સમાચાર માધ્યમ તરીકે આ બાબતે ઉંડાણમાં જઈને ડેન્ટલ હોસ્પિટલમાં ગરીબ અને જરૂરીયાતમંદ દર્દીઓને સમયસર યોગ્ય સારવાર મળે તે માટે પૂરી તપાસ કરી સરકારમાં યોગ્ય સ્થાને આ બાબતને ઉઠાવશે અને જવાબદારો ઉપર દંડાત્મક કાર્યવાહી થાય તે માટે ભરપૂર પ્રયાસ કરશે.

જિલ્લા અને તાલુકા તબીબી અધિકારીઓ આ બાબતે સ્પષ્ટતા કરે કે સરકારના આદેશ મુજબ જો ડેન્ટલ હોસ્પિટલ ચાલુ હોય તો પુરતી સાવધાની રાખીને દર્દીઓને કેમ તપાસવામાં આવતા નથી? દાંતના રોગોની તકલીફ અસહ્ય હોય છે ત્યારે વગર તપાસે સચોટ નિદાન અને સારવાર કયાંથી થાય? સિધ્ધપુરના રાજકિય આગેવાનો અને જિલ્લા વહીવટીતંત્રએ આ વિષયે આળસ ખંખેરવી પડશે અને સરકારી હોસ્પિટલોમાં ગરીબ દર્દીઓને સારવાર મળે તે માટે પ્રયત્નો કરવા આવકારદાયક હશે.

## અરવલ્લી જિલ્લામાં સભા ભરવી કે બોલાવવા તેમજ સરઘસ પર પ્રતિબંધિક હુકમો જાહેર કરાયા

આગામી દિવસોમાં હિંદુ ધર્મનો ભાદરવી પૂનમનો મેળો આવતો હોઈ ખાનગી ઈનપુટોને ધ્યાને લેતાં જિલ્લામાં કાયદો વ્યવસ્થા જળવાય તે માટે તા. ૦૧-૦૯-૨૦૨૦ ના કલાક ૦૦-૦૦થી તા. ૧૫- ૦૯-૨૦૨૦ ના કલાક ૨૪-૦૦ કલાક સુધી સમગ્ર જિલ્લામાં અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ આર.જે.વલવી અરવલ્લી જિલ્લા, મોડાસાને ગુજરાત પોલીસ અધિનિયમની કલમ- ૩૭ (૧) થી મળેલ સત્તાની રુએ પ્રતિબંધિક મનાઈ હુકમો જાહેર કરાયા છે.

અરવલ્લી જિલ્લામાં સમગ્ર વિસ્તાર સક્ષમ અધિકારીશ્રીની લેખિત પરવાનગી સિવાય તા.૦૧/૯/૨૦૨૦ના કલાક -૦૦થી તા. ૧૫/૯/૨૦૨૦ના કલાક ૨૪-૦૦ સુધી જિલ્લામાં અમલમાં રહે તે રીતે હોઈ સભા ભરવી બે બોલાવવી નહી તેમજ સરઘસ કાઢવું નહી,

આ હુકમ સરકારી નોકરી કે કામ કરતી વ્યકિતઓ અથવા હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેઓને તથા ખેતીના કામે ઓજારો લઈ જતા ખેડૂતો, સરકારી કાર્યક્રમને લાગુ પડશે નહી. .

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લઘન કરનાર અથવા કરાવનાર શખ્સ

ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૩) તેમજ ભારતના ફોજદારી અધિનિયમ-૧૮૬૦ ના ને કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

## ફોટો ગેલેરી




# મોડાસા નગરપાલિકાની ડમ્પિંગ સાઈટ પર મૃત પશુઓ ઠલવાતા હોવાનો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા


મોડાસા નગરપાલિકા હદ વિસ્તારમાં કાર્યરત ડોર ટુ ડોર કચરાનું કલેકશન કરી આ ઘન કચરાનો નીકાલ મદાપુર માર્ગે આવેલા ડમ્પીંગ સાઈટે કરવામાં આવી રહયો છે આ ડમ્પીંગ સાઈટ પર મૃત પશુઓના કોહવાઈ ગયેલા મૃતદેહ પણ નાખવામાં આવતા હોવાની અનેક બૂમો ઉઠી રહી છે ત્યારે ડમ્પીંગ સાઈટ પર મૃત પશુઓના મૃતદેહનો નિકાલ કરવામાં આવતો વિડીયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી છે અસહ્ય ગંદકીથી ઉભરાતા અને દુર્ગંધ ભર્યા આ કમ્પોસ્ટ સાઈટથી નજીકમાં આવેલ જીલ્લા કોર્ટ અને સરકારી કચેરીઓમાં મુલાકાત લેતા અરજદારો અને કર્મચારીઓ તોબા પોકારી ઉઠ્યા છે સમગ્ર વિશ્વ કોરોનાકાળ થી પીડાઈ રહ્યોંછે.અનેક લોકો કોરોનાથી મોતને ભેટયા છે ,સ્વચ્છતા અંતર્ગત દેશમાં વડા પ્રધાન દ્વારા અભિયાન ચલાવવામાં આવે છે પરંતુ મોડાસા નગરપાલિકા દ્વારા તેનો અમલ કરવામાં આંખ આડા કાન રાખતું હોવાના આક્ષેપો થઈ રહ્યા છે,એવા સંજોગોમાં લોકોના આરોગ્ય સાથે ચેડા કરતો હોવાનો એક વીવિડીયો વાઈરલ થતા પાલિકા સામે અનેક સવાલો ઉભા થયા છે,ગુજરાત સરકારે ૫૦ કરોડના ખર્ચે મોડાસા જિલ્લા સેવા સદન સામે નવીન કોર્ટ બિલ્ડીગનું નિર્માણ કરવામાં આવ્યું છે.છેલ્લા એક વર્ષ અગાઉ થી જિલ્લા ન્યાયાલય ની ૧૦૦ મીટરના અંતરે બિન અધિકૃત રીતે નગર પાલિકા ઘન કચરો ઠાલવી રહ્યું છે પરંતુ હાલના સંજોગોમાં સરકારી તંત્રની કચેરીઓ કાર્યરત થતા અનેક અરજદારો દુર્ગન્ધ નો સામનો કરી રહ્યા છે,ત્યારે ઘનકચરો ઠાલવવાની જગ્યા એ મૃત પશુ પણ ઠાલવતા હોવાનો વિડીયો સામે આવતા સિનિયર વકીલોમાં રોષ જોવા મળ્યો હતો,વકીલો અને ન્યાય તંત્ર ના અધિકારીઓ દ્વારા કલેક્ટરને ડંપિંગ સાઇટ હટાવવા રજુઆત કરવા છતાં કોઈ કાર્યવાહી નહિ થઈ હોવાના હાલ આક્ષેપો થઈ રહ્યા છે,પબ્લિક ન્યુશન્સ રોકવા મોડાસા કોર્ટમાં આ મામલે દાવો પણ કરવામાં આવ્યો છે,જે ડિસ્ટિક કોર્ટે પણ હુકમને માન્ય રાખવાનો હુકમ કરેલો હોવાનું સિનિયર વકીલ હીરાભાઈ પટેલે જણાવ્યું હતું.

## મુખ્યમંત્રી નો આયનો




હવે શું રૂપાણી જી આ શરૂવાત પહેલાં ભાજપ માં રહેલા ગુંડાગીરી,બહારવટિયા ગિરિ,લૂખા ગિરિ અને ગેરકાનૂની કામાઓ માં લુખ્ખી દાદાગીરી વાળા ની પહેલાં તપાસ કરાવી કાર્યવાહી કરશે કે પછી એમના માટે મીની સચિવાલય કમલમ માં સોમવાર.મંગળવાર જુદા નિર્ણય લેવાઈ રક્ષણ કાનૂન બનાવી સરકાર માં પાસ કરાવશે?

ગુંડાગીરી કોઈ વ્યક્તિ એ કરી છે કે નહિ તેની વ્યાખ્યા સરકાર. ના આઈ.જી કમિશનર નક્કી કરશે...આજ દિન સુધી સરકાર ના અધિકારીઓ નેતાઓ ની દરમિયાનગીરી થી ગુનો કર્યો છે કે તે નહીં તે નક્કી કરતા આવ્યા છે..ઘોડા છૂટી ગયા પછી તબેલા ને તાળા મારવા નીકળેલા કહેવાતા સંવેદનશીલ મુખ્યમંત્રી...નવા વરાયેલ ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ નવસારી ના ભાજપ ના સાંસદ છે જેમના ઉપર ૧૦૭ થી ૧૧૧ જેટલા ગુના નોધાયેલ છે તેમજ તેમાં કેટલાક ગુનાઓ ગંભીર થી અતિ ગંભીર વ્યાખ્યામાં આવે છે.તેઓ ૧૯ મહિના જેલવાસ પણ કપેલો છે...શું દૂધે ધોયેલી ભાજપ ને ચીતરવા પહેલાં આંતરિક ગુનાહિત સંડોવાયેલા ની ક્લીન ચિત કરાવી પ્રજા ને ભાજપ નો સાચો આયનો બતાવશે કે પછી ઢાંક પીછોડો કરશે?એક હિ આગ.. જન ફરિયાદ....



મોહરમ તહેવાર નિમિતે અમદાવાદ યુનાઈટેડ ગ્રુપ દ્વારા ખાનપુર દરવાજા ખાતે ૨૦૦ જેટલા લોકો ને પાણી ની બોટલ.ખજૂર.બિસ્કીટ.ફૂટ, કીટ આપવામાં આવેલ.જેમાં મોયુદ્દીન કાદરી,રિઝવાન આંબલીયા,આફતાબ શેખ,સુધીર બુંદેલા,ફિરોજ કુરેશી એડવોકેટ,આમિર સૈયદ,સલીમ મણિયાર ઉપસ્થિત રહ્યા હતા

# શામળાજી:ભાદરવી પૂનમે શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાના દર્શનાર્થે ભક્તોનો ઘોડાપુર ઉમટ્યું



મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મોડાસા

વિશ્વભરમાં વ્યાપેલ કોરોના વાયરસના મહાસંક્રમણને લઈ તમામ તહેવારો, પર્વોની ઉજવણી ફીક્કી બની રહી છે. ત્યારે છેલ્લા પોણા બસ્સો વર્ષથી યોજાતી અંબાજી પગપાળા યાત્રા આ વર્ષે કોરોના ઈફેકટને લઈ બંધ રહેવા પામી છે.પ્રસિધ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે ઈતિહાસ માં પહેલીવાર ભાદરવી પૂનમે જ મંદિર બંધ રખાયું છે.જેથી ભક્તોમાં કચવાટની લાગણી પ્રસરી છે. મંદિર ટ્રસ્ટે ઓનલાઈન દર્શનની સુવિધા ઉભી કરતા લાખ્ખો માઈ ભક્તો આજે ઓનલાઈન દર્શન કરી ધન્યતા અનુભવી હતી .જોકે પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી ખાતેનું ભવ્ય ગડાધર વિષ્ણુ મંદિર પુનમે ખુલ્લુ રખાયું હોઈ હજારો ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી હતી મંદિર ટ્રસ્ટ દ્વારા સરકારી ગાઈડ લાઈન અનુસાર શ્રદ્ધાળુઓ માટે સેનેટાઈઝર, માસ્ક ની સુવિધા ઉપલબદ્ધ કરાવાની સાથે સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરાવવા ભારે જહેમત આદરી હતી ઈટાડી ખાતેના અંબાજી મા જગદંબાના પાવનકારી દર્શનનો હજારો માઈભક્તો લાભ લીધો હતો . ભાદરવા સુદ પૂનમનું પર્વ શક્તિની ભક્તિના મહાપર્વ તરીકે મનાવાય છે.પવિત્ર શ્રાવણ માસમાં દેવાધિ દેવ મહાદેવની વિશેષ પૂજા અર્ચના બાદ ભાદરવા માસના પ્રારંભે દ્વારકાધીશ અવતારી ભગવાન રામદેવજીના નોરતા,ગણેશ ચતુર્થી થી મંગલકારી દેવ ગણેશજીની સ્થાપના અને પૂનમના દિવસે મા અંબાજીના ભવ્ય મેળાનો વિશેષ મહીમા રહેલો છે.કોરોના ના કાળને લઈ આ વર્ષે તમામ ઉજવણીઓ ફીક્કી રહી છે અને ભક્તોએ શ્રધ્ધાભેર વ્યક્તિગત પૂજા-અર્ચના હાથ ધરી પર્વની ઉજવણીનો લાભ લીધો છે. આજે ભાદરવી પૂનમ પર્વે શક્તિપીઠ અંબાજીથી લઈ પંથકના શક્તિ મંદિરોમાં મા અંબા જગદંબાની વિશેષ પૂજા અર્ચના હાથ ધરાશે. અરવલ્લી જિલ્લાની લીલીછમ પહાડીઓ વચ્ચે આવેલ પ્રસિધ્ધ યાત્રાધામ શામળાજી મંદિરે આજે પૂનમ પર્વે વિશેષ દર્શન યોજાયા હતા અને પંચઆરતી,રાજભોગ સહિત પૂજા અર્ચના સરકારી ગાઈડ લાઈન મુજબ યોજાનાર હોઈ કાળીયા ઠાકોરના હજારો ભક્તો દર્શન કરી ધન્યતા અનુભવી હતી .

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.